Sunday
01.02.2026
*Volume :10 * Issue No.204
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

સંત ગુરુ રવિદાસજીની ૬૪૯મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી ૧ ફેબ્રુઆરીએ પંજાબની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી લુધિયાણાના હલવારા એરપોર્ટ પર ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પંજાબની મુલાકાત લેશે. બપોરે લગભગ ૩:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી આદમપુર એરપોર્ટની મુલાકાત લેશે, જ્યાં તેઓ એરપોર્ટનું નવું નામ, 'શ્રી ગુરુ રવિદાસજી એરપોર્ટ, આદમપુર' અનાવરણ કરશે. તેઓ પંજાબના લુધિયાણામાં હલવારા એરપોર્ટ પર ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન પણ કરશે.

સંત ગુરુ રવિદાસજીની ૬૪૯મી જન્મજયંતી ના શુભ અવસર પર, આદમપુર એરપોર્ટનું નામકરણ એ આદરણીય સંત અને સમાજ સુધારકને શ્રદ્ધાંજલિ છે જેમની સમાનતા, કરુણા અને માનવીય ગૌરવના ઉપદેશો ભારતની સામાજિક ભાવનાને પ્રેરણા આપે છે. પંજાબમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવતા હલવારા એરપોર્ટ પર પીએમ દ્વારા ઉદ્ઘાટન કરાયેલ ટર્મિનલ બિલ્ડીંગ રાજ્ય માટે એક નવા પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે, જે લુધિયાણા અને તેની આસપાસના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરશે.

લુધિયાણા જિલ્લામાં સ્થિત, હલવારા એક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ભારતીય વાયુસેના સ્ટેશન પણ ધરાવે છે. લુધિયાણાના અગાઉના એરપોર્ટ પર એક ટૂંકો રનવે હતો, જે ફક્ત નાના વિમાનો માટે યોગ્ય હતો. કનેક્ટિવિટી સુધારવા અને મોટા વિમાનોને સમાવવા માટે હલવારામાં એક નવું સિવિલ એન્ક્લેવ વિકસાવવામાં આવ્યું છે, જેમાં છ૩૨૦ પ્રકારના વિમાનોને હેન્ડલ કરવા સક્ષમ લાંબો રનવે છે.

પ્રધાનમંત્રીના ટકાઉ અને પર્યાવરણીય રીતે જવાબદાર વિકાસના વિઝનને અનુરૂપ, ટર્મિનલમાં અનેક ગ્રીન અને ઉર્જા-કાર્યક્ષમ સુવિધાઓનો સમાવેશ થાય છે, જેમ કે LED લાઈટિંગ, ઈન્સ્યુલેટેડ છત, વરસાદી પાણીના સંગ્રહ પ્રણાલી, ગટર અને પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ અને લેન્ડસ્કેપિંગ માટે રિસાયકલ પાણીનો ઉપયોગ. સ્થાપત્ય ડિઝાઈન પંજાબના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે છે, જે મુસાફરોને એક અનોખો અને પ્રાદેશિક રીતે પ્રેરિત મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે.

દેશની નવીનીકરણીય ઊર્જામાં ૧૬.૫૦% યોગદાન સાથે ગુજરાત દેશમાં અગ્રેસર

કમલમ્,
વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન પ્રાપ્ત કરવાનો રાષ્ટ્રીય લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે અને પરંપરાગત ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા માટે મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે. આ વ્યાપક આયોજનનો હેતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦% વીજળી નવીનીકરણીય ઊર્જામાંથી મેળવવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે નવીનીકરણીય ઊર્જામાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે, જે આ રાષ્ટ્રીય લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપે છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના આંકડા દર્શાવે છે કે, દેશમાં નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ છે. રાજ્યની કુલ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ૪૨.૫૮૩ ગીગાવૉટ સુધી પહોંચી છે, જે ભારતની કુલ ક્ષમતામાં ૧૬.૫૦% ફાળો દર્શાવે છે. આ ઉપરાંત, ગુજરાત કુલ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં (૪૨.૫૮૩ ગીગાવૉટ) રાજ્ય પ્રથમ ક્રમે તથા સ્થાપિત પવન ઊર્જા ક્ષમતામાં (૧૪,૮૨૦.૯૪ મેગાવૉટ) રાજ્ય પ્રથમ ક્રમે અને સૌર ઊર્જા ક્ષમતામાં (૨૫,૫૨૯.૪૦ મેગાવૉટ) બીજા ક્રમે છે. સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે જેમાં ૧૧ લાખ સોલાર રૂફટોપ સિસ્ટમોના માધ્યમથી ૬,૪૧૨.૮૦ મેગાવૉટ ઊર્જા ઉત્પાદન થઈ રહ્યું છે.

સૌર ઊર્જામાં ગુજરાત અગ્રેસર

ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૫,૫૨૯.૪૦ મેગાવૉટ સ્થાપિત ક્ષમતા સાથે સૌર ઊર્જા ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. તેમાં ગ્રાઉન્ડ માઉન્ટેડ પ્રોજેક્ટ્સમાંથી ૧૭,૭૭૧.૨૧ મેગાવૉટ, સોલાર રૂફટોપ ૬૪૧૨.૮૦ મેગાવૉટ (જેમાં સૂર્ય ગુજરાત દ્વારા ૨૦૭૩.૬૫ મેગાવૉટ, પીએમ સૂર્ય ઘર યોજના દ્વારા ૧૯૧૩ મેગાવૉટ, અન્ય ૨૨૬૭.૦૪ મેગાવૉટ), હાઈબ્રીડ પરિયોજનાઓમાંથી ૧૧૭૨.૩૮ મેગાવૉટ અને ઓફ-ગ્રીડ સિસ્ટમ્સમાંથી (પીએમ કુસુમ સહિત) ૧૭૩.૦૧ મેગાવૉટ ઉત્પાદન થઈ રહ્યું છે. ગુજરાતમાં સૌર ઊર્જા ઉત્પાદન માટે ચારણકા (૭૪૯ મેગાવૉટ), રાધાનેસડા (૭૦૦ મેગાવૉટ) અને ધોલેરા (૩૦૦ મેગાવૉટ) ખાતે સોલાર પાર્ક કાર્યરત છે. ૩૭.૩૫ ગીગાવૉટની ઉત્પાદન ક્ષમતા સાથે કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક વિકસિત થઈ રહ્યો છે, જેમાં અત્યારે ૧૧.૩૩ ગીગાવૉટ ઉત્પાદન પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે. ગુજરાતે ૧૧ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાની સિદ્ધી પણ મેળવી છે, જે રહેણાંક, કમર્શિયલ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં ૬૪૧૨.૮૦ મેગાવૉટ્સનું ઉત્પાદન કરે છે. ગુજરાતે ૨૦૧૬થી ઘરોમાં છત પર સૌર ઊર્જા પેનલ સ્થાપિત કરવા માટે પ્રોત્સાહન આપ્યું છે અને પીએમ સૂર્ય ઘર યોજના લૉન્ચ થઈ ત્યાં સુધી તેને સમર્થન મળ્યું છે. તેના કારણે ભારતના કુલ રૂફટૉપ સોલાર ઈન્સ્ટોલેશનમાં રાજ્યનો ફાળો ૨૫% થી વધુ થયો છે. કૃષિ ક્ષેત્રમાં, પીએમ કુસુમના ઘટક B હેઠળ ૧૨,૭૦૦ સ્ટેન્ડઅલોન ઓફ-ગ્રીડ સોલાર વૉટર પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના દ્વારા ૮૯.૫૪ મેગાવૉટ ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે.

૧૪૮૨૦.૯૪ મેગાવોટ ઉત્પાદન સાથે પવન ઊર્જામાં ગુજરાત અગ્રેસર

ભારતમાં પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાતે પ્રથમ પવન ઊર્જા નીતિ લાગુ કરીને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, પવન ઊર્જા ક્ષેત્રમાં રાજ્યની સ્થાપિત ક્ષમતા ૧૪૮૨૦.૬૪ મેગાવૉટ છે, જેમાં કચ્છનું યોગદાન સૌથી વધુ ૭૪૭૬.૭૩ મેગાવૉટ છે. જામનગર (૧૮૬૭.૬૫ મે.વો.), દેવભૂમિ દ્વારકા (૧૨૮૧.૨૬ મે.વો.), અમરેલી (૯૭૩.૮૫ મે.વો.), રાજકોટ (૮૭૪.૯૦ મે.વો.), ભાવનગર (૬૧૮.૮૦ મે.વો.), મોરબી (૫૬૮.૬ મે.વો.), સુરેન્દ્રનગર (૪૫૬.૬ મે.વો.) અને પાટણ (૨૦૮.૨ મે.વો.) જિલ્લાઓમાં પણ પવન ઊર્જાની નોંધપાત્ર સ્થાપિત ક્ષમતા છે. રાજ્યએ ૨૦૧૮ હાઈબ્રિડ પોલિસી અને ઈઈ પોલિસી ૨૦૨૩ અંતર્ગત પવન-સૌર હાઈબ્રિડ પરિયોજનાઓ દ્વારા ૨૩૯૮.૭૭ મેગાવૉટ ઉત્પાદન ક્ષમતાનો ઉમેરો કર્યો છે. ૮૦%થી વધુ ટર્બાઈન સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર કાર્યરત છે, જ્યાં મજબૂત માળખાગત સુવિધાઓ અને સુસંગત પ્રણાલીઓ વિકસિત કરવામાં આવી છે. નવીનીકરણીય ઊર્જા પરિયોજનાઓના લીધે અંદાજિત ૨.૩૭ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થયું છે. પરિયોજનાઓના ઝડપી અમલીકરણ અને ગ્રીડ કનેક્ટિવિટી માટે રાજ્ય સરકારે અક્ષય ઊર્જા સેતુ ઓનલાઈન પોર્ટલના માધ્યમથી સુવ્યવસ્થિત અને પારદર્શક પ્રણાલી વિકસિત કરી છે. નેટ મીટરિંગ નિયમો હેઠળ, રાજ્યએ 6.40 GW થી વધુ રૂફટોપ સોલાર ક્ષમતા સ્થાપિત કરી છે, જે તેને આ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી બનાવે છે.

ગુજરાતની મજબૂત નીતિઓથી ઊર્જા ક્ષેત્રનો વિકાસ

૧૯૯૩માં પ્રથમ પવન ઊર્જા નીતિ અમલમાં મૂક્યા બાદ ગુજરાત સરકારે સમયાંતરે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકી છે, જેમાં સૌર ઊર્જા નીતિઓ (૨૦૦૯, ૨૦૧૫, ૨૦૨૧), વેસ્ટ ટુ એનર્જી એન્ડ સ્મોલ હાયડલ પોલિસી (૨૦૧૬) અને વિન્ડ-સોલાર હાઈબ્રિડ પોલિસી (૨૦૧૮)નો સમાવેશ થાય છે. ૨૦૨૨માં અપડેટેડ વેસ્ટ-ટુ-એનર્જી નીતિ અને ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલિસી—૨૦૨૩ દ્વારા સોલાર, પવન, હાઈબ્રિડ તથા વિતરણ આધારિત પ્રોજેક્ટ્સ માટે એકીકૃત માળખું પૂરુ પાડવામાં આવ્યું છે. આ નીતિ હેઠળ ક્ષમતા મર્યાદા દૂર કરવામાં આવી છે તેમજ ટેરિફ, ગ્રીડ ચાર્જ, ઊર્જા હિસાબ, ક્રોસ સબસિડી અને બેંકિંગ ચાર્જ અંગે સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. આ ઉપરાંત, DREBP યોજના ક્લીન એનર્જીમાં અગ્રણી રાજ્ય તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. તો ૨૦૨૫ની રિન્યુએબલ એનર્જી પોલિસી વિશાળ ક્ષમતાના તેમજ વિતરિત નવીનીકરણીય ઊર્જાને ઝડપી ગતિ આપવા પર કેન્દ્રિત છે. તેમાં ઓન-ડિમાન્ડ કનેક્ટિવિટી, ફ્લેક્સિબલ કમિશનિંગ સમયમર્યાદા, જૂના પવન પ્રોજેક્ટ્સનું રીપાવરિંગ તથા સોલર, પવન અને હાઈબ્રિડ સિસ્ટમ્સ સાથે બેટરી સ્ટોરેજનું સરળ સંકલન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ નીતિ ઊભરતી નવીનીકરણીય ઊર્જા ટેક્નોલૉજીઓ, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, RE મેન્યુફેક્ચરિંગ અને રિસાયક્લિંગ, તેમજ અક્ષય-ઊર્જા-સેતુ પોર્ટલ દ્વારા ડિજિટલ સુવિધાઓ મારફતે નવીનતાને પ્રોત્સાહન આપે છે.

ભવિષ્ય માટે ગુજરાત સજ્જ: ૨૦૩૦ સુધીમાં ૧૦૫ ગીગાવોટ ઉત્પાદનનું લક્ષ્ય

ગુજરાત તેની નવીનીકરણીય ઊર્જા પરિયોજનાઓનું સતત વિસ્તરણ કરી રહ્યું છે અને અત્યારે ૫૨૦૩ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. આ પ્રોજેક્ટ્સમાં ૪૯૯૨ સૌર પ્રોજેક્ટ્સ (32.22 GW), 72 પવન પ્રોજેક્ટ્સ (15 GW), અને ૧૩૯ હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ (21.15 GW)નો સમાવેશ થાય છે, જેનાથી 68.37 GW ઊર્જા પ્રાપ્ત થશે. ગાંધીનગરમાં આયોજિત RE ઈન્વેસ્ટ ૨૦૨૪ કાર્યક્રમમાં, રાજ્યએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૫ ગીગાવૉટનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે, જે ભારતના ૫૦૦ ગીગાવૉટ બિન-અશ્મિભૂત ઊર્જા ઉત્પાદન ક્ષમતાના લક્ષ્યમાં ૨૦ ટકા યોગદાન આપશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આસામના ધેમાજીમાં ૧૦મા 'મિસિંગ યુથ ફેસ્ટિવલ'ને સંબોધિત કર્યો

મોદી સરકાર દ્વારા ગઠિત 'હાઈ-પાવર્ડ ડેમોગ્રાફિક મિશન' એ દેશને ઘૂસણખોરીથી મુક્ત કરવા તરફનું એક નિર્ણાયક પગલું છે

૨૦૨૬ ના અંત સુધીમાં, 'મેડ ઇન આસામ' ચિપ સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ વધારશે

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે આસામના ધેમાજીમાં ૧૦મા મિસિંગ યુથ ફેસ્ટિવલને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા શર્મા, કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મિસિંગ યુથ ફેસ્ટિવલે દેશભરના આદિવાસીઓને એક અલગ દિશા બતાવી છે. તેમણે કહ્યું કે પોતાના અધિકારો, સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય, નૃત્ય અને સંગીતની રક્ષાનો માર્ગ હથિયાર ઉપાડવાનો નથી, પરંતુ આવા યુવા મહોત્સવો છે. તેમણે ટિપ્પણી કરી કે ભારતની સંસ્કૃતિ મિસિંગ સંસ્કૃતિની જેમ જ અનેક સંસ્કૃતિઓના મિશ્રણથી બનેલી છે. તેમણે કહ્યું કે આ દ્રષ્ટિકોણ આસામને આગળ લઈ જઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે ડોની-પોલો માત્ર આસામ અને અરુણાચલને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ભારતને પ્રખ્યાત બનાવે છે. શ્રી અમિત શાહે કહ્યું કે ભૂતકાળમાં વિવિધ આદિવાસીઓ તેમની સંસ્કૃતિની રક્ષા માટે સંઘર્ષ કરતા હતા, અને વિરોધ પક્ષોની સરકારો તે તમામને કચડી નાખવા અને આસામની અંદર દબાવી રાખવા માંગતી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા નિયુક્ત કરવામાં આવેલા મધ્યસ્થ (interlocutor) તમારી તમામ સમસ્યાઓના ઉકેલ માટે કામ કરશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં, ભારત સરકાર માને છે કે દરેક સંસ્કૃતિ, ભાષા અને પરંપરાને અસ્તિત્વમાં રહેવાનો સમાન અધિકાર છે, અને આ તમામના પ્રચાર દ્વારા જ આપણે પ્રગતિ કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે બોગીબીલ બ્રિજ આપણા મિસિંગ કામદાર ભાઈઓ અને બહેનોની સખત મહેનતથી બનાવવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ બ્રિજ આજે સમગ્ર વિશ્વમાં નવા ભારતના વિઝનનું પ્રતીક બની ગયો છે અને તેને માત્ર ૪ વર્ષમાં પૂર્ણ કરવાનું કાર્ય શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સિદ્ધ થયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે મિસિંગ સમાજ એ આપણી બ્રહ્મપુત્રા ખીણના ધબકારા છે, મિસિંગ સંસ્કૃતિ એ આસામ અને ભારતની સંસ્કૃતિનો આત્મા અને જીવંત ઓળખ છે, અને ભવિષ્યના ભારતનું પ્રતીક પણ છે. તેમણે જણાવ્યું હતું કે આપણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મિસિંગ સમાજના યોગદાનને ભૂલવું જોઈએ નહીં, અને દરેક સંઘર્ષમાં મિસિંગ સમાજે દેશની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. તેમણે કહ્યું કે મિસિંગ સમાજે નદીઓને માર્ગ આપીને પૂર ઘટાડવાનો પ્રયાસ કર્યો છે. શ્રી શાહે કહ્યું કે અલી-આયે-લિગાંગ (Ali-Aye-Ligang) એ પ્રકૃતિ સાથે સંતુલન જાળવવાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPFs) માં મિસિંગ યુવાનોની વિશેષ ભરતી પણ કરવામાં આવશે, જે સ્થાનિક યુવાનોને ભારતની આંતરિક સુરક્ષામાં યોગદાન આપવા સક્ષમ બનાવશે. શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વમાં આસામ શાંતિના પથ પર આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે મોદી સરકારે અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા છે, જેના કારણે લગભગ ૧૦,૦૦૦ યુવાનોએ શસ્ત્રો ત્યાગી દીધા છે. તેમણે કહ્યું કે આસામ સરકારે ૨૦૦ લોઅર પ્રાયમરી શાળાઓમાં મિસિંગ ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારી છે. તેમણે કહ્યું કે આજે આસામના યુવાનો શસ્ત્રોના સ્થાને દ્રષ્ટિકોણ અને ડરના સ્થાને સપનાઓને અપનાવી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે અમે કોઈપણ ભલામણ વગર ૧ લાખ ૫૬ હજારથી વધુ સરકારી નોકરીઓ પૂરી પાડી છે. તેમણે કહ્યું કે અહીં સ્થપાઈ રહેલી સેમિકન્ડક્ટર ફેક્ટરી ૨૭,૦૦૦થી વધુ યુવાનોને નોકરી આપશે અને ૨૦૨૬ના અંત સુધીમાં મેડ ઈન આસામ ચિપ્સ સમગ્ર વિશ્વમાં પહોંચશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે સમગ્ર આસામને ઘૂસણખોરોથી મુક્ત બનાવવાની જવાબદારી મિસિંગ સમાજની છે. તેમણે કહ્યું કે આપણા સાત જિલ્લાઓમાં ઘૂસણખોરોની સંખ્યામાં વધારો થયો છે અને વિરોધ પક્ષની સરકારના ૨૦ વર્ષના શાસન દરમિયાન આ જિલ્લાઓમાં ઘૂસણખોરોની વસ્તી લાખોને વટાવી ગઈ છે. તેમણે કહ્યું કે ડૉ. હિમંતા બિસ્વા શર્માના નેતૃત્વમાં ઘૂસણખોરોને માત્ર રોકવામાં જ નહીં આવે પરંતુ તેમને ઓળખીને એક પછી એક દેશનિકાલ કરવામાં આવશે. તેમણે ટિપ્પણી કરી કે દાયકાઓ સુધી વિરોધ પક્ષની સરકારોએ પોતાની આંખો બંધ રાખી અને તેના પરિણામે આસામની વસ્તીવિષયક સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે, અને તે આપણી સરકાર જ છે જે તેને ઉલટાવી દેશે. તેમણે કહ્યું કે ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ પ્રધાનમંત્રી મોદીજીએ 'હાઈ-પાવર્ડ ડેમોગ્રાફિક મિશન'ની જાહેરાત કરી હતી, જે દેશભરમાં થઈ રહેલા અકુદરતી વસ્તીવિષયક ફેરફારોનો અભ્યાસ કરશે અને તેના ઉપાયો સૂચવશે. તેમણે કહ્યું કે આસામ સરકારે ૧ લાખ ૨૬ હજાર એકર જમીન ઘૂસણખોરોથી મુક્ત કરાવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે આસામના વિકાસમાં કોઈ કસર બાકી રાખી નથી. તેમણે કહ્યું કે અગાઉની કેન્દ્ર સરકારે તેના ૧૦ વર્ષમાં આસામને ૧ લાખ ૨૮ હજાર કરોડ આપ્યા હતા, જ્યારે પ્રધાનમંત્રી મોદીજીએ છેલ્લા ૧૦ વર્ષમાં આસામને ૪ લાખ ૫૦ હજાર કરોડ આપ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે મોદી સરકારે આસામમાં માર્ગ નિર્માણ માટે ૩૦ હજાર કરોડ, રેલવે માટે ૯૫ હજાર કરોડ અને એરપોર્ટ માટે ૧૦ હજાર કરોડની જોગવાઈ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે સમર્પિત સરકાર છે. તેમણે જણાવ્યું હતું કે અટલ બિહારી વાજપેયીજીએ ટ્રાયબલ કમિશન અને આદિવાસી બાબતોના મંત્રાલયની સ્થાપના કરી હતી, જ્યારે પ્રધાનમંત્રી મોદીજીએ ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કર્યો છે અને ૨૦૦ કરોડના બજેટ સાથે દેશભરમાં આદિવાસી સંગ્રહાલયો બનાવ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં, અગાઉની કેન્દ્ર સરકાર હેઠળ, મંત્રાલય અને ST ઘટક માટેનું કુલ બજેટ ૨૮ હજાર કરોડ હતું, જ્યારે તાજેતરના બજેટમાં પ્રધાનમંત્રી મોદીજીએ આદિવાસી વિકાસ માટે ૧ લાખ ૩૫ હજાર કરોડ ફાળવ્યા છે. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજીએ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલોના બજેટમાં પણ ૨૫ ગણો વધારો કર્યો છે.

- **'મિસિંગ યુથ ફેસ્ટિવલ' એ બતાવ્યું છે કે આદિવાસી અધિકારો, સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય અને સંગીતનું રક્ષણ બંદૂકો દ્વારા નહીં, પરંતુ સાંસ્કૃતિક એકતા દ્વારા પ્રાપ્ત થાય છે**
- **પ્રકૃતિ પૂજા માટે મિસિંગ સમુદાયની 'ડોની-પોલો' (Donyi-Polo) પરંપરા આપણને શીખવે છે કે પ્રકૃતિની પૂજા એ જ ભગવાનની પૂજા છે**
- **અમારી સરકાર CAPFs માં મિસિંગ સમુદાય માટે વિશેષ ભરતી કરશે**
- **વર્ષોથી અટવાયેલા બોગીબીલ બ્રિજનું નિર્માણ કાર્ય મોદી સરકાર દ્વારા માત્ર થોડા વર્ષોમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું— અને આ મિસિંગ કામદાર ભાઈઓ અને બહેનોની મહેનતથી શક્ય બન્યું હતું**

મિસિંગ સમુદાયે આપણા દેશની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, જેને ભારત ક્યારેય ભૂલશે નહીં

તંત્રી સ્થાનેથી......

રાષ્ટ્રની ૬૦ વર્ષની સેવાના સ્મરણાર્થે અને હીરક(ડાયમંડ જુબિલી) વર્ષની ઉજવણી રૂપે, BSF રવિવાર, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ એક રનઈવેન્ટ, "BSF રન – રોડ ટુ હેવન" નુ આયોજન કરી રહી છે. આ કાર્યક્રમ ગુજરાતના કચ્છના રણમાં ધોળાવીરા ખાતે આવેલા આઈકોનિક (પ્રતિષ્ઠિત) 'રોડ ટુ હેવન' પર આયોજિત કરવામાં આવશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ફિટનેસ, નિશ્ચય, રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પ્રોત્સાહન આપવાનો છે, જ્યારે ભારતની સરહદી પ્રદેશોના વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક મહત્વને પણ પ્રકાશિત કરવાનો છે. BSF ની "રોડ ટુ હેવન રન" તમામ ફિટનેસ ઉત્સાહીઓ અને ૧૪ વર્ષ કે તેથી વધુ ઉંમરના દોડવીરોનું ઉષ્માભર્યું સ્વાગત કરે છે. સંરક્ષણ (ડિફેન્સ) શ્રેણી હેઠળ સ્પર્ધા કરતા સહભાગીઓએ નોંધણી સમયે માન્ય ઓળખ કાર્ડ રજૂ કરવું જરૂરી રહેશે. મેરેથોનમાં ત્રણ અંતરની શ્રેણીઓ હશે, ૧૦ કિમી, ૩૦ કિમી અને ૬૦ કિમી અલ્ટ્રા રન, જે વિવિધ કૌશલ્ય સ્તરના દોડવીરોને ભાગ લેવા માટે સક્ષમ બનાવશે. દરેક શ્રેણીમાં શ્રેષ્ઠ દેખાવ કરનારાઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત, સંરક્ષણ કર્મચારીઓ માટે વિશેષ પુરસ્કાર શ્રેણીઓ નિર્ધારિત કરવામાં આવી છે. સહભાગીઓને હડપ્પીય સંસ્કૃતિના વિશ્વ વિખ્યાત સ્થળ અને યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સાઈટ એવા ધોળાવીરાની નજીક, શ્વાસ થંભાવી દે તેવા સફેદ મીઠાના રણની વચ્ચે દોડવાની દુર્લભ તક મળશે. આ મેરેથોનનું આયોજન ક્રિશ સ્પોર્ટ્સ એન્ડ ફિટનેસ એલએલપી (Krish Sports & Fitness LLP) અને ચોઈસ ઈન્ટરનેશનલ (Choice International) ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. ખેલો ઈન્ડિયા અને ગુજરાત પ્રવાસન દ્વારા સમર્થિત આ દોડ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ—ફિટનેસ, વારસો અને ગૌરવ—ના શક્તિશાળી સંગમને પ્રતિબિંબિત કરે છે, જ્યારે કચ્છના રણના સાંસ્કૃતિક વારસા અને અદભૂત સુંદરતા તરફ રાષ્ટ્રીય અને વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરે છે. કાર્યક્રમ AIMS પ્રમાણપત્ર ધરાવે છે, જે કોર્સની ચોકસાઈ, રમતવીરોની સુરક્ષા, તબીબી તૈયારી અને વ્યાવસાયિક રેસ ગવર્નન્સના ઉચ્ચતમ ધોરણોના પાલનની પુષ્ટિ કરે છે.

ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૬ વૈશ્વિક ઊર્જા લેન્ડસ્કેપમાં ભારતની ભૂમિકાને મજબૂત કરવા સાથે પૂર્ણ થયું

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક ઊર્જા સંવાદના કેન્દ્રસ્થાને રહીને ભૂ -રાજકીય પરિવર્તન માટે અનુકૂલન સાધવા સંપૂર્ણપણે તૈયાર છે

સ્થાનિક સંશોધન, સ્વચ્છ ઊર્જામાં વધારો અને સ્થિર કિંમતો ભારતની ઊર્જા સ્વાયત્તતાને મજબૂત બનાવે છે

કમલમ્,

ભારતે વૈશ્વિક ઊર્જા બજારોમાં સતત ભૌગોલિક રાજકીય અસ્થિરતાને નેવિગેટ કરવા માટે મજબૂત સજ્જતા દર્શાવી છે અને આંતરરાષ્ટ્રીય ઊર્જા ચર્ચાઓમાં કેન્દ્રસ્થાને રહેવાનું ચાલુ રાખશે, તેમ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી શ્રી હરદીપ સિંહ પુરીએ ઈન્ડિયા એનર્જી વીક (IEW) ૨૦૨૬ના સમાપન સમારોહમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમ ૨૭ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ગોવામાં આયોજિત કરવામાં આવ્યો હતો. સમાપન 'ફાયરસાઈડ ચેટ' દરમિયાન બોલતા, શ્રી પુરીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની ઊર્જા વ્યૂહરચના વૈવિધ્યકરણ, સ્થિતિસ્થાપકતા અને ભાવિ-લક્ષી પરિવર્તનો પર આધારિત છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, "અમે ક્રમિક ભૂ-રાજકીય આંચકાઓનો ખૂબ જ સારી રીતે સામનો કર્યો છે. દરેક પડકારને પુરવઠા સ્ત્રોતોના વૈવિધ્યકરણ અને સ્વચ્છ ઈંધણ તરફ ઝડપી પરિવર્તન દ્વારા તકમાં ફેરવવામાં આવ્યો છે" ભારતના વૈશ્વિક સ્થાનને હાઈલાઈટ કરતા, શ્રી પુરીએ નોંધ્યું કે દેશ આજે ત્રીજો સૌથી મોટો ઊર્જા ઉપભોક્તા, ચોથો સૌથી મોટો રિફાઈનર અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ટોચના નિકાસકારોમાંનો એક છે. શ્રી પુરીએ ઉમેર્યું હતું કે, 'વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારત ઊર્જાની ઉપલબ્ધતા, પરવડે તેવી ક્ષમતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખશે." કેન્દ્રીય મંત્રીએ પરંપરાગત ઈંધણમાં સતત રોકાણની સાથે કમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG), ગ્રીન હાઈડ્રોજન અને સ્વદેશી સ્વચ્છ-ઊર્જા ટેકનોલોજી પર સરકારના ભાર મૂકવા અંગે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, "પરંપરાગત ઊર્જા આવશ્યક રહેશે, પરંતુ ઈથેનોલ બ્લેન્ડિંગથી લઈને CBG, હાઈડ્રોજન અને બાયોફ્યુઅલ સુધીના જે કદમ આપણે ભરી રહ્યા છીએ, તે આપણને વિશ્વાસ અપાવે છે કે હરિત ઈંધણ વિસ્તરતી ભૂમિકા ભજવશે." વૈશ્વિક ભાવ ઊંચકાવા દરમિયાન ગ્રાહક પર થતી અસર અંગેની ચિંતાઓ દૂર કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ભારતે પોતાના નાગરિકોને અસ્થિરતાથી સફળતાપૂર્વક સુરક્ષિત રાખ્યા છે. તેમણે કહ્યું કે, "વૈશ્વિક ગરબડનો બોજ ક્યારેય ગ્રાહક પર નાખવામાં આવ્યો નથી. ભારત પાસે આજે વિશ્વમાં સૌથી ઓછી ઊર્જા કિંમતોમાંની એક છે અને કટોકટી દરમિયાન પણ અવિરત પુરવઠો જાળવી રાખવામાં આવ્યો છે." તેમણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ઈંધણના ભાવ, જેમાં LPGનો પણ સમાવેશ થાય છે, તે ગ્રાહકો માટે પરવડે તેવા રહે તે સુનિશ્ચિત કરવા માટે સમયસર કરવામાં આવેલા હસ્તક્ષેપનો ઉલ્લેખ કર્યો હતો. મંત્રી પછી, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ ડૉ. નીરજ મિત્તલે ભારતની વિકાસ યાત્રાને ટેકો આપવા માટે સરકારની બ્લુપ્રિન્ટ રજૂ કરી હતી. સચિવે જણાવ્યું કે, "૭ ટકાથી વધુના અંદાજિત આર્થિક વિકાસ સાથે, ઊર્જાની માંગમાં તીવ્ર વધારો થશે. અમારું ધ્યાન બે સ્તંભો પર રહેલું છેઃ સ્થાનિક સંશોધન અને ઉત્પાદનને મજબૂત બનાવવું, અને ભારતને વિશ્વ માટે શુદ્ધ (refined) ઉત્પાદનોના ભરોસાપાત્ર સપ્લાયર તરીકે સ્થાપિત કરવું." ડૉ. મિત્તલે આત્મનિર્ભરતા વધારવા માટે ડ્રિલિંગ અને સંશોધન સહિતની અપસ્ટ્રીમ ગતિવિધિઓને વેગ આપવાની મહત્વાકાંક્ષી યોજનાઓની રૂપરેખા આપી હતી. તેમણે વેલ્યુ એડિશન વધારવા અને આયાત ઘટાડવા માટે રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ્સના એકીકરણ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે, "અમે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહીને ઘરેલું સ્તરે સ્કેલ (કદ) બનાવી રહ્યા છીએ." ઊર્જાસંક્રમણ પર, ડૉ. મિત્તલે ટેકનોલોજી અને ડિજિટલાઈઝેશનના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું કે, "લોજિસ્ટિક્સ ઓપ્ટિમાઈઝેશનથી લઈને AI-આધારિત કાર્યક્ષમતા સુધી, ખર્ચ ઘટાડવા અને ઓપરેશનલ સ્થિતિસ્થાપકતા સુધારવા માટે ટેકનોલોજી કેન્દ્રીય બની રહી છે." તેમણે ઉમેર્યું કે ભારત ૨૦૩૦ સુધીમાં ૫ ટકા બ્લેન્ડિંગ હાંસલ કરવાના લક્ષ્ય સાથે તેના CBG લક્ષ્યોને પૂર્ણ કરવાના માર્ગ પર છે, જેને સક્રિય રાજ્ય ભાગીદારી અને ખેડૂત-આધારિત બાયોમાસ સપ્લાય ચેઈન દ્વારા ટેકો મળે છે. સમાપન સત્રમાં ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૬ ની ભૂમિકાને એક એવા પ્લેટફોર્મ તરીકે પુનઃપુષ્ટ કરવામાં આવી જે ઊર્જા સુરક્ષા, પરવડે તેવી ક્ષમતા અને ટકાઉપણું વચ્ચે સેતુ બાંધે છે, જ્યારે ભારતને ઝડપથી વિકસતા વૈશ્વિક ઊર્જા લેન્ડસ્કેપમાં એક સ્થિર, વિશ્વસનીય અને વ્યવહારુ નેતા તરીકે સ્થાપિત કરે છે.

ઈન્ડિયા એનર્જી વીક વિશે

ઈન્ડિયા એનર્જી વીક એ દેશનું ફ્લેગશિપ વૈશ્વિક ઊર્જા પ્લેટફોર્મ છે, જે સુરક્ષિત, ટકાઉ અને પરવડે તેવા ઊર્જા ભવિષ્ય તરફ પ્રગતિને વેગ આપવા માટે સરકારના નેતાઓ, ઉદ્યોગના અધિકારીઓ અને સંશોધકોને એકસાથે લાવે છે. એક તટસ્થ આંતરરાષ્ટ્રીય ફોરમ તરીકે, IEW રોકાણ, નીતિગત સંરેખણ અને તકનીકી સહયોગને વેગ આપે છે જે વૈશ્વિક ઊર્જા લેન્ડસ્કેપને આકાર આપે છે.

ભારતીય રેલની પ્રથમ LNG ટ્રેનનું સફળ સંચાલન

કમલમ્,

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તારીખ ૩૦.૦૧.૨૦૨૬ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્થિત ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો (ICD), સાબરમતી ખાતે ભારતીય રેલવેની પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)–ડીઝલ આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMU ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે તેમણે મીડિયા સાથે વાતચીત કરતાં આ નવીન પહેલ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણ–અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં, ભારતીય રેલવેમાં પ્રથમ વખત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ડીઝલ ઈલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ (DEMU)ની ડ્રાઈવિંગ પાવર કાર (DPC)માં લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) આધારિત ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી સફળતાપૂર્વક અપનાવવામાં આવી છે. આ યોજનાના અંતર્ગત ૧૪૦૦ એચપીની બે DEMU DPCને ડીઝલ+એલએનજી ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવામાં આવી છે, જેમાં લગભગ ૪૦ ટકા સુધી ડીઝલના સ્થાને એલએનજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ બંને પરિવર્તિત DPC પર ૨૦૦૦ કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે અને હાલમાં કોઈપણ સમસ્યા વિના નિયમિત યાત્રી સેવામાં સંચાલિત થઈ રહી છે.

LNG (લિક્વિફાઇડ નેચરલ ગેસ) ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીના મુખ્ય લાભો

૧. પર્યાવરણીય લાભઃ એન્જિનમાંથી નીકળતા પ્રદૂષકોમાં નોંધપાત્ર ઘટાડો, ખાસ કરીને કાર્બન ડાયોક્સાઈડ (CO_2), નાઈટ્રોજન ઓક્સાઈડ (NO_x) તથા પાર્ટિક્યુલેટ મેટર (PM)માં ઘટાડો, રેલવે માર્ગોની આસપાસ હવાની ગુણવત્તામાં સુધારો તેમજ રાષ્ટ્રીય પર્યાવરણીય લક્ષ્યોની પૂર્તિમાં સહાયતા. ઈંધણ ખર્ચમાં ઘટાડો, એલએનજી, ડીઝલની તુલનામાં સસ્તું છે. ડીઝલના સ્થાને આંશિક રીતે એલએનજી ના ઉપયોગથી પરિચલાન ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે. પરીક્ષણ આંકડાઓના આધારે એક DPCમાંથી લગભગ ૧૧.૯ લાખ પ્રતિ વર્ષ બચત તથા અને એક ૮-કોચ DEMU રેક (2 DPC)માંથી લગભગ ૨૩.૯ લાખ પ્રતિ વર્ષ બચત શક્ય છે.

૨. પરિચલાન માં ફ્લેક્સિબીલિટીઃ ડ્યુઅલ ફ્યુઅલ એન્જિન ઈંધણની ઉપલબ્ધતા મુજબ ડીઝલ અને એલએનજી વચ્ચે સરળતાથી સ્વિચ કરી શકે છે, જેના કારણે સેવામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ થતો નથી.

૩. કાર્યક્ષમતામાં કોઈ ઘટાડો નથીઃ ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી આ રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે એન્જિનની શક્તિ અને વિશ્વસનીયતા પરંપરાગત ડીઝલ એન્જિનના સમાન રહે, જેના કારણે ઉત્તમ કાર્યક્ષમતાની સાથે ઈંધણ બચત અને પ્રદૂષણમાં ઘટાડો સુનિશ્ચિત થાય છે.

સ્વીકૃત ડિઝાઈન અનુસાર DPCમાં અંદાજે ૨૨૦૦ લીટર ક્ષમતા (લગભગ ૯૫૦–૧૦૦૦ કિલોગ્રામ ઉપયોગી એલએનજી) ધરાવતી એલએનજી ટેંક સ્થાપિત કરવામાં આવી છે. એક વખત સંપૂર્ણ ભરાવાથી ૨૨૨ કિલોમીટરના દૈનિક સંચાલન માટે પર્યાપ્ત એલએનજી ઉપલબ્ધ થાય છે, જેના કારણે વારંવાર ઈંધણ ભરવાની જરૂરિયાત ઓછી રહે છે. આરડીએસઓ દ્વારા ઉત્સર્જન પરીક્ષણો અને અંતિમ સ્વીકૃતિઓ પછી આ ટેક્નોલોજીને વધુ વિસ્તાર આપવામાં આવશે. આગામી તબક્કામાં વધુ ૮ DEMU DPCને ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવાની યોજના છે, જેના કારણે ભારતીય રેલવેની સ્વચ્છ ઊર્જા, ઓછા કાર્બન ઉત્સર્જન અને કિફાયતી સંચાલન પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે.

વેવએક્સ ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ માટે અરજીઓ મંગાવી રહ્યું છે

ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ મીડિયા, મનોરંજન અને ઉભરતા ટેકનોલોજી ક્ષેત્રોમાં એઆઈ પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરશે. વેવએક્સ એઆઈ સ્ટાર્ટઅપ્સ માટે નેટવર્કિંગ તકો અને પ્રદર્શન માટે જગ્યા પ્રદાન કરશે

કમલમ્,

ઉદ્દીષ્ઠ એ સ્ટાર્ટઅપ્સ પાસેથી અરજીઓ મંગાવી છે. તેઓ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ માં ભાગ લેવા માટે અરજીઓ મંગાવી રહ્યા છે. આ સમિટનું આયોજન ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) દ્વારા કરવામાં આવશે. તે ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ કાર્યક્રમનું સ્થાન ભારત મંડપમ, નવી દિલ્હી છે. આ શિખર સંમેલન કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ના નવીન ઉકેલોનું પ્રદર્શન કરવા અને ભારતની ઝડપથી વિકસતી AI પર્યાવરણ પ્રણાલીમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મંચ બનશે. આ સંમેલનના ભાગરૂપે, વેવએક્સ એક સમર્પિત સ્ટાર્ટઅપ પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરશે, જે પસંદગીના સ્ટાર્ટઅપ્સને તેમના AI-સંચાલિત ઉત્પાદનો અને ઉકેલો વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો સમક્ષ પ્રદર્શિત કરવાની તક આપશે. એ.વી.જી.સી-એક્સ.આર. સેગમેન્ટમાં કાર્યરત સ્ટાર્ટઅપ્સ અને એઆઈ-સંચાલિત ઉત્પાદનો પર કામ કરતા તેમને એમ.આઈ.બી. પેવેલિયન ખાતે એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન વિશિષ્ટ પ્રદર્શન અને વ્યવસાય નેટવર્કિંગની તકો પૂરી પાડવામાં આવશે. MIB પેવેલિયન મીડિયા અને મનોરંજન ક્ષેત્રે અત્યાધુનિક અને ઉભરતી કૃત્રિમ બુદ્ધિ ટેકનોલોજીનું પ્રદર્શન કરવા માટે કેન્દ્રીય મંચ તરીકે સેવા આપશે, જે નવીનતા લાવનારાઓને નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ અગ્રણીઓ, રોકાણકારો અને વૈશ્વિક હિતધારકો સાથે જોડાવા સક્ષમ બનાવશે અને સર્જનાત્મક તથા ટેક્નોલોજી ઈકોસિસ્ટમમાં સહયોગને પ્રોત્સાહન આપશે. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ સ્ટાર્ટઅપ્સ અને મહત્વપૂર્ણ હિસ્સેદારો વચ્ચે સંગઠિત ક્રિયાપ્રતિક્રિયા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડીને ભારતના એઆઈ ઈનોવેશન ઈકોસિસ્ટમને વધારવામાં મોટો ફાળો આપશે તેવી અપેક્ષા છે.

વેવએક્સ વિશે

વેવએક્સ એ માહિતી અને પ્રસારણ મંત્રાલયની વેવ્સ પહેલ હેઠળ સ્ટાર્ટઅપ એક્સિલરેટર માટેનું સમર્પિત પ્લેટફોર્મ છે, જેનો ઉદ્દેશ મીડિયા, મનોરંજન અને ભાષા ટેકનોલોજી ઈકોસિસ્ટમમાં નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. ભારતની સર્જનાત્મક અને ટેકનોલોજી-આધારિત સ્ટાર્ટઅપ્સની આગામી પેઢીને ટેકો આપવા માટે શરૂ કરાયેલ વેવએક્સ, સંશોધકો, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગ અગ્રણીઓ વચ્ચે સેતુનું કામ કરે છે. વેવએક્સ લક્ષિત હેકાથોન, માળખાગત ઈન્ક્યુબેશન કાર્યક્રમો, માર્ગદર્શન અને રાષ્ટ્રીય પ્લેટફોર્મ સાથે એકીકરણ દ્વારા નવીન વિચારોને ટેકો આપવાનું ચાલુ રાખે છે. એક મજબૂત અને નિર્બાધ ઈન્ક્યુબેશન ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે, વેવએક્સે ટી-હબ હૈદરાબાદ અને આઈઆઈટી દિલ્હી સાથે ભાગીદારી કરી છે, જે ભારતમાં આ નવ ઈન્ક્યુબેશન કેન્દ્રોમાં કાર્યરત છેઃ આઈઆઈસીટી મુંબઈ, એફટીઆઈઆઈ પુણે, એસઆરએફટીઆઈ કોલકાતા, આઈઆઈએમસી દિલ્હી, આઈઆઈએમસી આઈઝોલ, આઈઆઈએમસી અમરાવતી, આઈઆઈએમસી ધેનકનાલ, આઈઆઈએમસી કોટ્ટાયમ અને આઈઆઈએમસી જમ્મુ.

'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' થીમ આધારિત ટેબ્લોને પ્રાપ્ત "પોપ્યુલર ચોઈસ" શ્રેણીનો પ્રથમ ક્રમનો એવોર્ડ વિધિવત્ રીતે નવી દિલ્લી ખાતે એનાયત

ગુજરાત રાજ્ય વતી ટ્રોફીનો સ્વીકાર કરતા મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણી

સતત ચાર વર્ષ પોપ્યુલર ચોઈસ એવોર્ડની સાથે વર્ષ ૨૦૨૪માં જ્યુરીઝ્ ચોઈસ એવોર્ડ સાથે ગુજરાતને ચાર વર્ષમાં કુલ ૫ એવોર્ડ એનાયત

કમલમ્,

૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ આજરોજ વિધિવત્ રીતે ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં કેન્દ્રિય રાજ્ય રક્ષામંત્રી શ્રી સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી આ ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણીએ સ્વીકાર કર્યો હતો. આ સાથે જ ટેબ્લો નિર્માણની પ્રક્રિયા સમયે રાષ્ટ્રીય રંગશાળા ખાતે યોજાયેલી વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની સ્પર્ધામાં ગુજરાતના નૃત્યને પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો. માહિતી કમિશનર શ્રી કિશોર બચાણીના દિશાદર્શન અને અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ. સંજય કચોટ અને ફિલ્મ પ્રોડક્શન શાખાના નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવા દ્વારા આ ટેબ્લો નિર્માણની સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પૂર્વે વર્ષ ૨૦૨૩માં પુનઃપ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહ્વાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલરૂપે રજૂ કરવામાં આવેલા 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લોને 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડ સાથે શરૂ થયેલી આ વિજય પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ગુજરાતના 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ' થીમ આધારિત ટેબ્લોએ 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડની સાથે સાથે ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની 'જ્યુરીઝ્ ચોઈસ' શ્રેણીમાં પણ બીજો ક્રમ મેળવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તેની વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો 'આનર્તપુરથી એકતાનગર સુધી -વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટેબ્લો 'પોપ્યુલર ચોઈસ એવોર્ડ' જીત્યા બાદ સતત ચોથા વર્ષે આ શ્રેણીમાં વર્ષ ૨૦૨૬ નો આ રાષ્ટ્રીય પુરસ્કાર જીતીને ગુજરાતે ઈતિહાસ સર્જ્યો છે.

આથમણાપુરા શાળામાં જૈનમુનિના દીક્ષા તિથિ નિમિત્તે બાળકોને પુસ્તકો અને નાસ્તો વિતરણ કરાયું.

શિક્ષણ આપણને સારા વિચારો અને ખોટા કામોથી દૂર રાખે છે-જૈનમુનિ નયશેખર મહારાજ સાહેબ

કમલમ્,

આથમણાપુરા ગામે પ્રાથમિક શાળામાં માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબના સંયમ જીવનના ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે શાળામાં બાળકોને સેવ, બુંદી, બિસ્કિટ, ચોકલેટ, પુસ્તકો, શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવેલ કે શિક્ષણ જીવનનું સૌથી મોટું દાન છે. જૈન ધર્મ કહે છે કે જ્ઞાનથી માણસ સારો બને છે. શિક્ષણથી આપણે સાચું-ખોટું ઓળખી શકીએ છીએ. અહિંસા, સત્ય અને દયાનો પાઠ શિક્ષણથી શીખવા મળે છે. શિક્ષિત બાળક માતા-પિતા, ગુરુજન અને મિત્રોનું સન્માન કરે છે. શિક્ષણ આપણને સારા વિચારો આપે છે અને ખોટા કામોથી દૂર રાખે છે. જ્ઞાનથી મન શુદ્ધ બને છે અને સંયમ જીવન જીવવાની પ્રેરણા મળે છે. શિક્ષણથી પોતાનું જીવન પણ સુધરે છે અને સમાજ પણ સારો બને છે. તેથી દરેક બાળકએ મન લગાવી શિક્ષણ લેવું જોઈએ. આ સંપૂર્ણ વિતરણનો લાભ ગુરુભક્ત પરિવારે લાભ લીધેલ. કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના ત્યારબાદ મહેમાનોનું સ્વાગત પુસ્તક અને સાલ દ્વારા બહુમાન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન, એંકરિંગ, આભાર વિધિ અને શાળાની પ્રવૃત્તિઓનો પરિચય અલ્કેશભાઈ ચાવડા એ કરેલ. આ પ્રસંગે સરપંચ લાડજી ઠાકોર, ઉપસરપંચ સોમાજી ઠાકોર, માજી સરપંચ ક્રાન્તિજી ઠાકોર, સંજયભાઈ શાહ, શ્રીમતિ મિત્તલબેન શાહ, દેવ શાહ, પ્રદીપસિંહ વિગેરે ઉપસ્થિત રહેલ. સાથે સાથે શાળાના આચાર્ય બચુભાઈ જોષી, શિક્ષકો-અલ્કેશભાઈ, મનોજભાઈ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે શાળા પરિવારે દાતા પરિવાર અને પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરેલ. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે વિશ્વ વેટલેન્ડ્સ દિવસ ૨૦૨૬ પહેલા ભારતની રામસર યાદીમાં ૨ નવા વેટલેન્ડ્સ ઉમેરવાની જાહેરાત કરી



કમલમ્,

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ૦૨.૦૨ ૨૦૨૬ના રોજ વિશ્વ વેટલેન્ડ્સ દિવસ પહેલા ભારતના રામસર નેટવર્કમાં બે નવા વેટલેન્ડ્સનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે. મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં માહિતી આપી હતી કે ઉત્તર પ્રદેશના ઇટાહ જિલ્લામાં પટના પક્ષી અભયારણ્ય અને ગુજરાતના કચ્છ જિલ્લામાં છારી-ઢંઢને રામસર સ્થળોની યાદીમાં સમાવવામાં આવ્યા છે. શ્રી યાદવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું રામસર નેટવર્ક ૨૦૧૪માં ૨૬ સ્થળોથી વધીને હવે ૯૮ સ્થળોએ પહોંચી ગયું છે, જે ૨૭૬% થી વધુનો વધારો દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે આ આંતરરાષ્ટ્રીય માન્યતા પર્યાવરણીય સંરક્ષણ અને વેટલેન્ડ્સ સંરક્ષણ પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. મંત્રીએ સમજાવ્યું કે બંને વેટલેન્ડ્સ સેંકડો સ્થળાંતરિત અને સ્થાનિક પક્ષીઓની પ્રજાતિઓ માટે નિવાસસ્થાન પૂરું પાડે છે. આ વિસ્તારો ચિંકારા, વરુ, કારાકલ, રણ બિલાડીઓ અને રણના શિયાળ જેવા વન્યજીવન તેમજ લુપ્તપ્રાય પક્ષીઓનું ઘર છે. ભારત કન્વેન્શન ઓન વેટલેન્ડ્સની એક કોન્ટ્રાક્ટિંગ પાર્ટી છે, જેને રામસર કન્વેન્શનના નામથી ઓળખવામાં આવે છે, જેના પર ૧૯૭૧માં ઈરાનના રામસરમાં હસ્તાક્ષર કરાવામાં આવ્યા હતા. ભારત ૧ ફેબ્રુઆરી, ૧૯૮૨ના રોજ આ ૨ કન્વેન્શનનું સિગ્નેટરી બન્યું. વિશેષ કંન્વેશન વેલ્યુવાળા વેટલેન્ડ્સને ઇન્ટરનેશનલ ઈમ્પોર્ટેન્સના વેટલેન્ડ્સ તરીકે ડેઝિગ્નેટ કરી શકાય છે. આ સ્થળો મહત્વપૂર્ણ છે કારણ કે તે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ફ્રેમવર્ક અંતર્ગત કંન્વેશન અને મેનેજમેન્ટ પ્રત્યે દેશની કમિટમેન્ટના મોડલ ઉદાહરણ તરીકે સેવા આપી શકે છે.

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટને અભૂતપૂર્વ વૈશ્વિક પ્રતિસાદ મળ્યો, ભારતની AI ઈકોસિસ્ટમ પદ્ધતિસર વિકસી રહી છે: કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

કમલમ્,

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY), ભારત સરકાર દ્વારા ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ પહેલા એક ઉચ્ચ સ્તરીય પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, જેનું અધ્યક્ષપદ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે સંભાળ્યું હતું. આ કાર્યક્રમમાં ઈલેક્ટ્રોનિક્સ અને IT રાજ્ય મંત્રી શ્રી જિતિન પ્રસાદ; ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર શ્રી અજય સૂદ અને MeitY ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય વિકાસની રૂપરેખા આપવામાં આવી હતી, વૈશ્વિક સહભાગિતાની પુષ્ટિ કરવામાં આવી હતી અને ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટના અપેક્ષિત પરિણામોનું પૂર્વાવલોકન કરવામાં આવ્યું હતું, કારણ કે ભારત ૧૬–૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ગ્લોબલ સાઉથમાં સૌપ્રથમ વૈશ્વિક AI સમિટની યજમાની કરવાની તૈયારી કરી રહ્યું છે. પ્રેક્ષકોને સંબોધતા શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટને વિશ્વભરમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને તે વૈશ્વિક સ્તરે અત્યાર સુધીની સૌથી મોટી છૈં સમિટ બની રહી છે. તેમણે મોડેલ્સ, એપ્લિકેશન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની સમગ્ર AI વેલ્યુ ચેઈનમાં કામ કરતા ઉદ્યોગના નેતાઓ, ડેવલપર્સ અને ઈનોવેટર્સ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો અને નોંધ્યું હતું કે આ જોડાણો ભારતની AI ઈકોસિસ્ટમની પદ્ધતિસરની પ્રગતિ અને 'ડેપ્લોયમેન્ટ-લેડ' (અમલીકરણ-આધારિત) ઉકેલો પર મજબૂત ફોકસ દર્શાવે છે. મંત્રીએ જણાવ્યું હતું કે અગ્રણી IT કંપનીઓએ ૨૦૦ થી વધુ કેન્દ્રિત, ક્ષેત્ર-વિશિષ્ટ AI મોડેલ્સ વિકસાવ્યા છે, જે AI ઈમ્પેક્ટ સમિટ દરમિયાન લોન્ચ કરવાનું સૂચિત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આશરે USD 70 બિલિયનનું રોકાણ પહેલેથી જ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેયરમાં થઈ રહ્યું છે, જેમાં સમિટના સમાપન સુધીમાં તે બમણું થવાની સંભાવના છે, અને છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા ઉદ્યોગ-નિર્ધારિત અભ્યાસક્રમોને ૫૦૦ યુનિવર્સિટીઓ સુધી લંબાવીને AI પ્રતિભા વિકાસને માપવામાં આવશે, જે આ ક્ષેત્ર માટે એક મજબૂત ટેલેન્ટ પાઈપલાઈન બનાવશે. AI ના ભવિષ્ય અને સર્વસમાવેશક વિકાસ, નવીનતા અને સામાજિક પ્રભાવ લાવવામાં તેની ભૂમિકા વિશે લગભગ ૬૦ અગ્રણી ઉદ્યોગ નિષ્ણાતોના વિચારો રજૂ કરતો "ધ ઈમ્પેક્ટ એજન્ડા: લીડરશિપ રિફ્લેક્શન્સ" (The Impact Agenda: Leadership Reflections) શીર્ષક ધરાવતો એક સંકલિત સંગ્રહ (Compendium) પણ શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. કોન્ફરન્સે સમિટ સુધીની પ્રક્રિયામાં હાંસલ કરેલા સીમાચિહ્નો તરફ ધ્યાન દોર્યું હતું અને ઉદ્યોગ, સરકારો, શિક્ષણવિદો અને નાગરિક સમાજના આ સીમાચિહ્નરૂપ સંમેલન દરમિયાન શું અપેક્ષા રાખવી તેની રૂપરેખા આપી હતી. શ્રી એસ. કૃષ્ણને હાઈલાઈટ કર્યું હતું કે લોકો, પૃથ્વી અને પ્રગતિ (People, Planᵃ and Progress) ના સૂત્રોની આસપાસના તમામ સાત વિષયવસ્તુ આધારિત વર્કિંગ ગ્રૂપ્સની હાઈબ્રિડ બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે, અને તેમના મુખ્ય વિતરણપાત્રો (deliverables) હવે અંતિમ તબક્કામાં છે. તેની સાથે સમાંતર, મેઘાલય, ગુજરાત, ઓડિશા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને કેરળમાં આયોજિત તમામ સાત પ્રાદેશિક AI ઈમ્પેક્ટ કોન્ફરન્સ પૂર્ણ થઈ ગઈ છે, જે રાષ્ટ્રીય AI પ્રાથમિકતાઓને પ્રાદેશિક શક્તિઓ, ઉપયોગના કેસો (use cases) અને શાસન સંદર્ભોમાં મજબૂત રીતે સ્થાપિત કરે છે. સમિટનું ઊંડાણપૂર્વકનું સહભાગી મોડેલ ભારત અને વૈશ્વિક સ્તરે લગભગ ૪૮૦+ પ્રી-સમિટ ઈવેન્ટ્સના સફળ સમાપ્તિમાં પણ પ્રતિબિંબિત થાય છે, જેમાં ૩૦ દેશોમાં ૮૩ આંતરરાષ્ટ્રીય જોડાણો સામેલ છે, જેની વધુ પ્રવૃત્તિઓ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી નિર્ધારિત છે. સભાને સંબોધતા શ્રી એસ. કૃષ્ણન, સચિવ (MeitY) એ જણાવ્યું હતું કે ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટનો કેન્દ્રીય ઉદ્દેશ્ય ટેક્નોલોજી, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લોકશાહીકરણને આગળ ધપાવવાનો છે, જેથી તેના ફાયદા સમાજના વિશાળ વર્ગ સુધી પહોંચે. તેમણે નોંધ્યું હતું કે ગ્લોબલ સાઉથમાં આયોજિત થનારી પ્રથમ વૈશ્વિક AI સમિટ તરીકે, આ સમિટ વાસ્તવિક દુનિયાના ઉપયોગોમાં છૈંના સુરક્ષિત અને જવાબદાર અમલીકરણ પર વૈશ્વિક સમજ કેળવવાના ઉદ્દેશ્ય સાથે AI શાસન (governance) અને ધોરણોને સરેખિત કરવા પર ભાર મૂકે છે. વધુમાં, એવી જાહેરાત કરવામાં આવી હતી કે સમિટ સપ્તાહ દરમિયાન ભારત મંડપમ અને સુષ્મા સ્વરાજ ભવનમાં લગભગ ૫૦૦+ ક્યુરેટેડ ઈવેન્ટ્સ યોજાશે, જે સમાંતર નેતા-સ્તરના સંવાદો, પ્રદર્શનો અને પરિણામ-લક્ષી સત્રોને સક્ષમ બનાવશે. AI ઈમ્પેક્ટ એક્સ્પોમાં કન્ટ્રી પેવેલિયન, મંત્રાલયો, રાજ્ય સરકારો, ઉદ્યોગ, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન સંસ્થાઓ સહિત ૮૪૦+ પ્રદર્શકો હશે, જે સાબિત થયેલ વાસ્તવિક દુનિયાની અસરો સાથેના છૈં ઉકેલો પ્રદર્શિત કરશે. IndiaAI ભારતના પાયાના AI મોડેલ્સ (foundational AI models) પરની પ્રગતિનું પણ પ્રદર્શન કરશે. વધુમાં, કોન્ફરન્સે ૧૫ રાજ્ય/સરકારના વડાઓ, ૪૦+ મંત્રીઓ, ૧૦૦ થી વધુ અગ્રણી CEOs અને CXOs અને ૧૦૦ થી વધુ પ્રતિષ્ઠિત શિક્ષણવિદોની સહભાગિતાની પુષ્ટિ કરી છે. ઉદ્યોગ સાથેનું જોડાણ સમિટના પાયાના પથ્થર તરીકે ઉભરી આવ્યું છે. જિયો (Jio), ક્વાલકોમ (Qualcomm), OpenAI, Nvidia, ગૂગલ (Google), માઈક્રોસોફ્ટ (Microsoft), એડોબ (Adobe) અને ગેટ્સ ફાઉન્ડેશન સહિતના ઉદ્યોગ ભાગીદારો સમિટમાં જોડાય તેવી અપેક્ષા છે. પ્રેસ કોન્ફરન્સે ભારત સરકારની એ પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કર્યો હતો કે AI સુરક્ષિત, વિશ્વસનીય અને સમાવેશી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે, જ્યારે ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ દ્વારા નવીનતા, આર્થિક વૃદ્ધિ અને સામાજિક પ્રભાવને વેગ આપવામાં આવશે.

IIT ગાંધીનગર ટીમ દ્વારા AMC શાળાઓમાં શિક્ષણ સહાયનું નિર્માણ પુનઃવ્યાખ્યાયિત કરવામાં આવ્યું

કમલમ્,

શાળાના બાળકોમાં વિજ્ઞાન અને ગણિત પ્રત્યે રસ જગાડવાના પ્રયાસરૂપે, સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL), IIT ગાંધીનગરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સહયોગથી મ્યુનિસિપલ શાળાઓમાં એક નવીન શૈક્ષણિક પહેલ શરૂ કરી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શાળાની જગ્યાઓને શિક્ષણના સાધનોમાં ફેરવવાનો છે અને સાથે જ વિદ્યાર્થીઓને સમય, ગણિત અને કોમ્પ્યુટેશનલ થિંકિંગ (ગણતરીત્મક વિચારસરણી) ના ખ્યાલોથી પરિચિત કરવાનો છે. આ પહેલના ભાગ રૂપે, થલતેજની અનુપમ પ્રાથમિક શાળા નંબર ૨ ખાતે એક મોટું સનડાયલ સ્થાપિત કરવામાં આવ્યું છે. રિસાયકલ કરેલા ટાયરનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ આ સનડાયલમાં વર્ષના ૧૨ મહિનાનું પ્રતિનિધિત્વ કરતી ૧૨ ટાઈલ્સ છે, વિદ્યાર્થીઓ આ ટાઈલ્સ પર ઉભા રહે છે અને તેમના પડછાયા દ્વારા સમય વિશે શીખે છે. આ સ્થાપનામાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત સમગ્ર શાળા સમુદાયની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. આ આઉટડોર પ્રદર્શનની સાથે, વિદ્યાર્થીઓએ કાગળના સનડાયલ પણ બનાવ્યા, સમય માપવામાં સામેલ ભૂમિતિનું સંશોધન કર્યું અને આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત અને વરાહમિહિર જેવા ભારતીય ગણિતશાસ્ત્રીઓના યોગદાન વિશે શીખ્યા. તેવી જ રીતે, અસારવામાં આવેલી બીજી એક મ્યુનિસિપલ સ્કૂલે બાળકોને કોમ્પ્યુટેશનલ વિચારસરણી શીખવવા માટે એક પ્રવૃત્તિ વિકસાવી, જેમાં વિદ્યાર્થીઓ રેન્ડમલી પ્રવેશ કરે છે અને બહાર નીકળે છે. જે તેમને કોમ્પ્યુટર કેવી રીતે ડેટા ગોઠવે છે અને તેનું સંચાલન કરે છે તે સમજવામાં મદદ કરે છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ તર્ક-આધારિત કોયડાઓ શાળાના પરિસરમાં રંગવામાં આવ્યા છે અને આઉટડોર રમત દ્વારા અલ્ગોરિધમિક વિચારસરણીને પ્રોત્સાહિત કરવા માટે દર અઠવાડિયે તેને બદલવામાં આવે છે. અનુપમ પ્રાથમિક શાળા નંબર ૨ ના આચાર્ય શ્રી ચિરાગ જોશીએ જણાવ્યું હતું કે આ પહેલ બાળકોને શીખવાની પ્રક્રિયામાં સક્રિયપણે સામેલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે નોંધ્યું હતું કે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સનડાયલના ડાયલ તરીકે ઉપયોગમાં લેવાતા રિસાયકલ કરેલા ટાયરને સંયુક્ત રીતે પેઈન્ટ કર્યું હતું, જે અનુભવને શૈક્ષણિક અને સહભાગી બંને બનાવે છે. આ પહેલની પ્રશંસા કરતા, AMC ના શાસનાધિકારી શ્રી લગધીર દેસાઈએ જણાવ્યું હતું કે સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ, IIT ગાંધીનગર દ્વારા કરવામાં આવેલા કાર્યએ ગ્રાઉન્ડ લેવલ પર STEM શિક્ષણને વધુ આકર્ષક બનાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ તમામ ૪૫૩ AMC શાળાઓમાં વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે, જે વિદ્યાર્થીઓને 'આઉટ-ઓફ-ધ-બોક્સ' વિચારસરણી વિકસાવવામાં મદદ કરશે. આ પહેલ એક વર્ષ લાંબા પ્રોજેક્ટનો એક ભાગ છે જે હેઠળ સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ, IIT ગાંધીનગર ૪૫૩ મ્યુનિસિપલ શાળાઓમાં ૬૦,૦૦૦ થી વધુ મિડલ-સ્કૂલના વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે AMC સાથે કામ કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં દરેક શાળામાં હેન્ડ્સ-ઓન વર્કશોપ, સાપ્તાહિક ઓનલાઈન STEM સત્રો, લર્નિંગ કિટ્સ અને IIT ગાંધીનગર કેમ્પસની મુલાકાતનો સમાવેશ થાય છે.

NIFT ગાંધીનગર દ્વારા "પ્રચલિત પરંપરા, નવીનતા અને ઉદ્યોગોત્તર ભારત" વિષયક રિસર્ચ કોન્ફ્લૂઅન્સ ૨૦૨૬ તથા કલા વાર્તા અને એલમની મીટ (WEAVE 2026)નું આયોજન



કમલમ્,

NIFT ગાંધીનગરે ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી NIFT ગાંધીનગર કેમ્પસ ખાતે "પ્રચલિત પરંપરા, નવીનતા અને ઉદ્યોગોત્તર ભારત" વિષયક રિસર્ચ કોન્ફ્લૂઅન્સ ૨૦૨૬નું સફળતાપૂર્વક આયોજન કર્યું, જેમાં કલા વાર્તા અને WEAVE 2026 – NIFT એલમની મીટ પણ સમાવવામાં આવ્યા હતા. રિસર્ચ કોન્ફ્લૂઅન્સની શરૂઆત ઔપચારિક દીપપ્રજ્વલન અને સરસ્વતી વંદનાથી થઈ, જે કાર્યક્રમ માટે શુભ અને પ્રેરણાદાયી વાતાવરણનું નિર્માણ કર્યું. કાર્યક્રમની શરૂઆત ડૉ. સમીર સૂદ, ડિરેક્ટર, NIFT ગાંધીનગરના સ્વાગત સંબોધનથી થઈ, જેમણે સંસ્થાના રિસર્ચ-સંચાલિત ડિઝાઈન શિક્ષણ, ટકાઉપણું અને ભારતની સમૃદ્ધ પરંપરાઓને આધુનિક નવીનતાથી જોડવાની મહત્વાકાંક્ષા અંગે પ્રકાશ પાડી. તેમણે યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ કિંગડમ સાથે નીફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ વિશે જણાવ્યું, જે ભારતીય ટેક્સટાઈલ અને કપડાં માટે ડ્યૂટી-ફ્રી એક્સેસ પ્રદાન કરે છે અને આ ક્ષેત્રને ૨૦૪૭ સુધી ભારતને વિકાસિત રાષ્ટ્ર બનાવવાના દ્રષ્ટિકોણ માટે મુખ્ય ચલક તરીકે સ્થાપિત કરે છે. પ્રધાનમંત્રીના "ત્રણ ટી" – ટેક્સટાઈલ, ટેક્નોલોજી અને ટૂરિઝમ – પર ભાર મુકતા, તેમણે ટેક્સટાઈલ ક્ષેત્રને આ દ્રષ્ટિકોણનું મુખ્ય સ્તંભ તરીકે દર્શાવ્યું. ડૉ. સમીર સૂદએ જણાવ્યુ કે ટેક્સટાઈલ માત્ર ઉદ્યોગોનું ઉત્પાદન નથી, પરંતુ ભારતનો બીજો સૌથી મોટો રોજગાર કેન્દ્ર પણ છે, જે ૫૦૦ જિલ્લાઓમાં આશરે ૧૦ કરોડ લોકોની જીવીકા પૂરાં પાડે છે. તેમણે આ ક્ષેત્રની વિશાળ ભૂગોળીય વિતરણ, હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ અને આધુનિક ઉદ્યોગને એકતા કારી શક્તિ તરીકે વર્ણવી. ઈતિહાસની યાદ અપાવતા, તેમણે જણાવ્યું કે ભારત વૈશ્વિક ટેક્સટાઈલ વેપારમાં ૪૦% હિસ્સો ધરાવતું હતું, જે ઔપનિવેશિક નીતિઓ હેઠળ ઘટ્યું, અને ટકાઉ નવીનતાના માધ્યમથી વૈશ્વિક નેતૃત્વ પુનઃપ્રાપ્તિ કરવાની છે. તેઓએ ત્રિપુરમાં વેસ્ટવોટર રિસાયક્લિંગ, પાનિપતમાં ટેક્સટાઈલ વેસ્ટ રિસાયક્લિંગ અને મહિલા શક્તિ પ્રદાન કરતી હેન્ડલૂમ પહેલોની સફળ ઉદાહરણો આપ્યા, જેથી રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ અને સ્કેલિંગને પ્રોત્સાહન મળે. પ્રારંભિક સત્રમાં પ્રખ્યાત નેતાઓ જેમ કે શ્રી શોયેબ હુસૈન સાયકલવાલા (DRYP Fashion Pvt. Ltd), શ્રી અલિન શાહ (Tales & Stories, Artex Apparel), શ્રી નિતિન જૈન (Welspun), ડૉ. ભાલચંદ્ર ભાનાજે (મહારાજા સૈયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા) અને શ્રી કાર્તિકેય વી. સારાભાઈ, સ્થાપક ડિરેક્ટર, સેન્ટર ફોર એન્વાયરનમેન્ટ એજ્યુકેશન (CEE)ના મુખ્ય સંબોધનો રજૂ થયા. શ્રી કાર્તિકેય વી. સારાભાઈએ પર્યાવરણ અને ટેક્સટાઈલ ક્ષેત્રના અનુભવો પરથી મુખ્ય પાઠો પર પ્રકાશ પાડ્યો. તેમણે ગુજરાતમાં આવેલી ટેક્સટાઈલ ફેક્ટરીની વાર્તા શેર કરી, જેમણે સરકારના માર્ગદર્શન પછી ૯૫% પાણી રિસાયક્લિંગ અમલમાં મૂક્યું, જે બતાવે છે કે ટકાઉ ઉપાય માટે નવીન વિચારશક્તિ જરૂરી છે. તેમણે જણાવ્યું કે ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગ, જે કાલમાં વૈશ્વિક નેતા હતો, ઔપનિવેશિક નીતિઓ હેઠળ ઘટી ગયો અને પરંપરાગત કાપડ લક્ઝરી ઉત્પાદન બની ગયું. તેઓએ દેરા કપાસનો પુનઃઉપયોગ અને ડેનિમ બનાવવાની નવીનતાઓ દર્શાવી, દર્શાવ્યું કે વારસાગત સામગ્રી માટે નવા ઉપયોગ શક્ય છે. શ્રી સારાભાઈએ પરંપરા અને નવીનતાને એકસાથે જોડવાનું મહત્વ દર્શાવ્યું અને સોલર ડ્રાયિંગ અને સમજદારીપૂર્વક ધોવાનું જેવા ટકાઉ અભ્યાસ પર ભાર મુક્યો, જે પર્યાવરણ પર નોંધપાત્ર અસર ઘટાડે.

પરંપરાને સન્માન સાથે નવીનતાની સર્જનાત્મકતા જોડીને, ભારત ટકાઉ ટેક્સટાઈલમાં નેતૃત્વ, કલાકારોને સશક્ત કરવા, વારસો જાળવવા અને વૈશ્વિક સ્પર્ધાત્મક ઉત્પાદનો બનાવવામાં સફળ બની શકે છે. દિવસભર ચાલનારી કોન્ફ્લૂઅન્સમાં શૈક્ષણિક, સંશોધક, ઉદ્યોગ નેતાઓ, એલમની, કલાકાર અને સર્જનાત્મક પ્રેક્ટિશનર્સ એકઠા થઈને ભારતની પરંપરાગત જ્ઞાન પદ્ધતિઓ, આધુનિક નવીનતાઓ અને ઉદ્યોગોત્તર ભારતની દ્રષ્ટિ પર અર્થપૂર્ણ સંવાદ કર્યો. આરંભિક ૬ થીમેટિક ટ્રેક્સમાં ૪૨ સંશોધન પેપરો રજૂ કરવામાં આવ્યા, જેમાં સ્થાનિક પ્રથાઓ, ક્રોસ-કલ્ચરલ મેનેજમેન્ટ અને સ્થાનિક હસ્તકલા માટે વૈશ્વિક બજારમાં સ્થાન પ્રદાન કરવાની વાત આવરી લેવામાં આવી. ચર્ચામાં નૈતિકતા, સમાનતા, સામાજિક જવાબદારી, સર્ક્યુલર ડિઝાઈન, ટકાઉ સપ્લાય ચેઈન, ગ્રીન ટેકનોલોજી અને SDGs અને ESG ફ્રેમવર્ક મુજબ કાર્બન-ચેતન મેનેજમેન્ટ પર ભાર મુક્યો. AI, બ્લોકચેન, XR અને મેટાવર્સ જેવી ઉત્કર્ષિત ટેક્નોલોજી સહિત ટેક્નો-ટેક્સટાઈલ સંયોજન પર ધ્યાન આપવામાં આવ્યું જે ટકાઉ, ફ્યુચર-રેડી સોલ્યુશન્સ તરફ દોરતું છે. મહત્વપૂર્ણ આકર્ષણ કલા વાર્તા હતું, જેમાં કલાકારોની અવાજ અને જીવંત પરંપરાઓનું ઉત્સવ મનાવવામાં આવ્યું. પદ્મશ્રી લાવજીભાઈ પરમાર (તંગાળિયા કલાકાર), શ્રી મજિખાન મુકવા (લિપ્પન કલાકાર), શ્રી જાકીર હુસૈન (હાડકાં અને સિંગનું હસ્તકલા) અને શ્રી રોહન વિશ્વકર્મા (ગુલાબી મીનાકારી)એ તેમની વ્યક્તિગત યાત્રા શેર કરી, સ્થાનિક જ્ઞાન પ્રણાલીઓની સહનશીલતા અને આજના સમયમાં તેની મહત્વતાને દર્શાવ્યું. આ સત્ર સાથે મળીને હસ્તકલા અને ટેક્સટાઈલ પ્રદર્શનોમાં ભાગ લેનારોએ ભારતની સમૃદ્ધ સર્જનાત્મક વારસો અનુભવ્યો. WEAVE 2026 – NIFT એલમની મીટએ એલમની, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ઉદ્યોગ નિષ્ણાતો વચ્ચે અર્થપૂર્ણ સંબંધો પ્રોત્સાહિત કર્યા. આ જીવંત હોમકમિંગ માત્ર પુનઃમિલન ન્હોતું, પણ એલમનીને તેમના અલ્મા મેટરને ફરીથી મુલાકાત આપવા અને યાદગાર ક્ષણો ફરી જીવંત કરવાની તક આપી. ઉત્સવોમાં લાઈવ કાઈટ ફ્લાઈંગ, ઊર્જાવાન બૅન્ડ પ્રદર્શન અને રોમાંચક સાંસ્કૃતિક કાર્યક્રમો શામિલ હતા, જે ભવ્ય મહોલ બનાવે છે અને ભૂતકાળ અને વર્તમાન વચ્ચે સંવાદ સ્થાપે છે. દિવસનું મુખ્ય આકર્ષણ ફેશન શો હતું, જેમાં એલમની અને વિદ્યાર્થીઓ બંનેની સર્જનાત્મક પ્રતિભા પ્રદર્શિત થઈ, જે NIFTની નવીનતા અને ડિઝાઈન શ્રેષ્ઠતાનો પ્રતિબિંબ છે. "ફરીથી કનેક્શન બનાવવું" થીમ હેઠળ, WEAVE 2026 એ એલમનીને સહભાગીઓ સાથે ફરીથી જોડાવા, અનુભવ શેર કરવા અને આગામી પેઢીના ડિઝાઈનરો સાથે જોડાવા માટે પ્લેટફોર્મ પ્રદાન કર્યું. આ મીટે NIFT સમુદાયના બંધનોને મજબૂત બનાવ્યા અને સંસ્થાના ફેશન અને સર્જનાત્મક ઉદ્યોગો પર લાંબાગાળાના પ્રભાવને પ્રકાશિત કર્યું. સામાન્ય રીતે, રિસર્ચ કોન્ફ્લૂઅન્સ ૨૦૨૬ જ્ઞાનના વિનિમય, સર્જનાત્મક અન્વેષણ અને ઉદ્યોગ-શૈક્ષણિક સહકાર માટે મહત્વપૂર્ણ મંચ તરીકે ઊભર્યું, NIFT ગાંધીનગરના પરંપરા સાથે જડિત નવીનતાને પ્રોત્સાહન આપવાના પ્રતિબદ્ધતાને પુનઃપ્રમાણિત કર્યું અને ભારતના ડિઝાઈન અને ફેશન ઈકોસિસ્ટમના ભાવિ માટે માર્ગદર્શન આપ્યું.

કમલમ્,

સંતરામપુર નગરપાલિકા ફાયર સ્ટેશન ખાતે 'વિકસિત ભારત - જી રામ જી અધિનિયમ' અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાના હેતુથી સંતરામપુર નગર - સંતરામપુર તાલુકા ભારતીય જનતા પાર્ટી ની 'વિકસિત ભારત - જી રામ જી જનજાગરણ અભિયાન' ની મંડળ કાર્યશાળા યોજાઈ. ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી સૌ અપેક્ષિત કાર્યકર્તાશ્રીઓને યોજનાના હેતુ લાભો તથા અમલીકરણ પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપી. આ તકે મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા સાહેબ, જિલ્લા વીબી - જી રામ જી ના ઇન્ચાર્જશ્રી પ્રકાશભાઈ કટારા, સંતરામપુર નગર પ્રમુખશ્રી નિતીનભાઈ રાણા, તાલુકા મંડળ પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ, જિલ્લા સહ ઇન્ચાર્જશ્રી પ્રગ્નેશભાઈ શુકલ અને પ્રકાશભાઈ, APMC ચેરમેનશ્રી શાંતીલાલ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, સરપંચશ્રીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

સાંસ્કૃતિક મંત્રાલયના 'વંદે માતરમ્ - ૧૫૦ વર્ષની યાત્રા' ટેબ્લોએ પ્રજાસત્તાક દિવસ ૨૦૨૬ ની પરેડમાં પ્રથમ પુરસ્કાર જીત્યો

સાંસ્કૃતિક નૃત્ય પ્રસ્તુતિ "વંદે માતરમ્: ભારતનો શાશ્વત પડઘો" એ વિશેષ પુરસ્કાર મેળવ્યો

કમલમ્,

સાંસ્કૃતિક મંત્રાલયે પ્રજાસત્તાક દિવસની પરેડ ૨૦૨૬ માં નોંધપાત્ર બેવડું સન્માન પ્રાપ્ત કર્યું છે, જેમાં તેના "વંદે માતરમ - ૧૫૦ વર્ષની યાત્રા" શીર્ષક ધરાવતા ટેબ્લોને કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં શ્રેષ્ઠ ટેબ્લોની શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો છે, જ્યારે તેની ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ "વંદે માતરમ: ભારતનો શાશ્વત પડઘો" ને તેની અસાધારણ કલાત્મક અને વિષયવસ્તુની શ્રેષ્ઠતા માટે વિશેષ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પુરસ્કાર વિજેતા ટેબ્લોએ વંદે માતરમની ૧૫૦ વર્ષની યાત્રાનું શક્તિશાળી રીતે ચિત્રણ કર્યું હતું, જેમાં રાષ્ટ્રીય જાગૃતિના ગીત તરીકે તેના ઉદ્ભવ અને ભારતની સ્વતંત્રતા સંગ્રામ, એકતા અને સભ્યતાની ચેતનાને આકાર આપવામાં તેની કાયમી ભૂમિકાને દર્શાવવામાં આવી હતી. ઉત્તેજક દ્રશ્યો અને પ્રતીકવાદ દ્વારા, ટેબ્લોએ ભારતના સામૂહિક રાષ્ટ્રીય ગૌરવમાં રાષ્ટ્રીય ગીતની કાલાતીત પ્રાસંગિકતા પર ભાર મૂક્યો હતો. વિશેષ પુરસ્કાર વિજેતા સાંસ્કૃતિક નૃત્ય પ્રસ્તુતિ, "વંદે માતરમ– ભારતનો શાશ્વત પડઘો", ઉત્તર ઝોન સાંસ્કૃતિક કેન્દ્ર, પટિયાલાના સહયોગથી સંગીત નાટક અકાદમી દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિ રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર રચનાનું સન્માન કરે છે જે ભારતની સ્વતંત્રતા ચળવળનો અવાજ બની હતી. આ પ્રદર્શનમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨,૫૦૦ કલાકારો એકસાથે આવ્યા હતા, જેણે શાસ્ત્રીય, લોક અને આદિવાસી કલા સ્વરૂપો દ્વારા ભારતની વિશાળ સાંસ્કૃતિક વિવિધતા પ્રદર્શિત કરી હતી. નૃત્ય નિર્દેશનમાં (choreography) ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂળથી લઈને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને સશસ્ત્ર દળોની બહાદુરી અને સમર્પણ સુધીની ભારતની અવિરત યાત્રા રજૂ કરવામાં આવી હતી. સંસ્કૃત મંત્રો, હૃદયસ્પર્શી સંગીત અને ગતિશીલ રચનાઓ સાથે વણાયેલી આ પ્રસ્તુતિએ વંદે માતરમની સંપૂર્ણ ભાવનાત્મક અને દાર્શનિક શ્રેણીને આવરી લીધી હતી, જેનું સમાપન એકતા, ભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક ત્રિરંગાને શ્રદ્ધાંજલિથી થયું હતું. આ સાંસ્કૃતિક પ્રસ્તુતિનું નેતૃત્વ સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ ડૉ. સંધ્યા પુરેચાએ ઓવરઓલ ક્રિએટિવ ડાયરેક્ટર તરીકે કર્યું હતું. સંગીત નિર્દેશન ઓસ્કાર વિજેતા સંગીતકાર શ્રી એમ. એમ. કીરવાની દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વધારાના ગીતો શ્રી સુભાષ સહગલ દ્વારા લખવામાં આવ્યા હતા. વૉઈસ-ઓવર રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા શ્રી અનુપમ ખેર દ્વારા આપવામાં આવ્યું હતું, નૃત્ય નિર્દેશન શ્રી સંતોષ નાયર દ્વારા અને પોશાક ડિઝાઈન સુશ્રી સંધ્યા રમણ દ્વારા કરવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ડિબ્રુગઢમાં આસામ વિધાનસભાના નવા ભવનનો શિલાન્યાસ કર્યો, સાથે આશરે ૧,૭૧૫ કરોડના કુલ ખર્ચના ૫ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન અને ઉદ્ઘાટન કર્યું

કેન્દ્રીય ગૃહ મંત્રીએ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ વિશ્વ કક્ષાના મલ્ટી-ડિસિપ્લિનરી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન પણ કર્યું, તેના બીજા તબક્કાનો શિલાન્યાસ કર્યો, ધારાસભ્યો માટેના આવાસનું નિર્માણ શરૂ કર્યું અને વાઈલ્ડ લાઈફ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું ભૂમિપૂજન કર્યું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ડિબ્રુગઢમાં આસામ વિધાનસભાના નવા ભવનનો શિલાન્યાસ કર્યો હતો, સાથે આશરે ૧,૭૧૫ કરોડના કુલ ખર્ચના ૫ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન અને ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ પ્રસંગે આસામના મુખ્ય મંત્રી શ્રી હિમંતા બિસ્વા શર્મા, કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ, વિદેશ રાજ્ય મંત્રી શ્રી પબિત્ર માર્ગેરિટા અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આસામના મુખ્ય મંત્રી શ્રી હિમંતા બિસ્વા શર્માએ ૨૦૨૫ માં જાહેરાત કરી હતી કે, આસામને સમાવેશી બનાવવાના પ્રયાસોના ભાગરૂપે ડિબ્રુગઢને રાજ્યની બીજી રાજધાની બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે વિરોધ પક્ષોની સરકારોમાં ઘણી જાહેરાતો માત્ર જાહેરાતો જ રહી જતી હતી, પરંતુ હવે આપણી પાર્ટીની સરકાર છે. મુખ્ય મંત્રી શ્રી શર્માએ જાહેરાત કરી હતી અને આજે ૫૭ વીઘા જમીન પર આસામના બીજા વિધાનસભા સંકુલનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે હવે ડિબ્રુગઢના રહેવાસીઓને પણ આસામની રાજધાનીના રહેવાસી ગણવામાં આવશે. શ્રી શાહે કહ્યું કે આસામને સમાવેશી બનાવવાના પ્રયાસોના ભાગરૂપે ડિબ્રુગઢને રાજ્યની બીજી રાજધાની બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે અહીં ઘણી જ્ઞાતિઓ, સમુદાયો અને આદિવાસીઓ રહે છે; તે તમામનો

આસામ પર અધિકાર છે અને આપણે સૌ સાથે મળીને એક મહાન આસામ બનાવીશું. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે આસામની નદીઓ આપણી સંસ્કૃતિનો વારસો છે, આપણા ખેડૂતોની આર્થિક જીવાદોરી છે અને આપણા માટે માતા સમાન છે. તેમણે કહ્યું કે વર્ષોથી આસામ પૂરની સમસ્યાથી પીડાતું હતું. આસામને પૂરથી બચાવવા માટે, અમે સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા રાજ્યનું સર્વેક્ષણ કર્યું અને તેના આધારે મોટા વેટલેન્ડ્સ (જળપ્લાવિત વિસ્તારો) ની ઓળખ કરી. શ્રી શાહે જણાવ્યું હતું કે ભારત સરકારના ગૃહ મંત્રાલયે પ્રથમ તબક્કામાં ૧૫ વેટલેન્ડ્સ વિકસાવવા માટે ૬૯૨ કરોડ ખર્ચ્યા છે. આનાથી લગભગ ૭.૫ લાખ લોકો પૂરથી બચશે, અંદાજે ૭૭,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ થશે, પૂરની તીવ્રતા ઘટશે અને પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો થવાને કારણે ભૂગર્ભ જળનું સ્તર વધશે. તેમણે કહ્યું કે આ ૧૫ મોટા તળાવોમાંથી સિંચાઈ પૂરી પાડવામાં આવશે, જે આસામના ખેડૂતોને વર્ષમાં ત્રણ વાર પાક લેવામાં મદદ કરશે, પશુપાલનને પ્રોત્સાહન આપશે અને ડેરી ઉદ્યોગને પણ વેગ આપશે. તેનો ઉપયોગ વોટર સ્પોર્ટ્સ માટે પણ કરવામાં આવશે અને તે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વમાં, ભારત સરકારે તાજેતરમાં યુરોપિયન યુનિયનના ૨૭ દેશો સાથે મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કર્યા છે અને તેનો સૌથી મોટો ફાયદો ડિબ્રુગઢને મળશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજીએ EU વેપાર સોદા પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી આસામની ચા પેરિસથી બર્લિન સુધી ઝીરો ટેરિફ સાથે પહોંચવા સક્ષમ બની છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે વિરોધ પક્ષની સરકારોએ દાયકાઓ સુધી આસામના વિકાસ માટે કંઈ કર્યું નથી. તેમણે કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વન્યજીવન અને પર્યાવરણ સુરક્ષા, સેમિકન્ડક્ટર્સ અને ચિપ ઉદ્યોગ સહિતના દરેક ક્ષેત્રમાં મોદી સરકારની પ્રથમ પ્રાથમિકતા આસામ છે. શ્રી શાહે એમ પણ કહ્યું કે રેલવે, જળમાર્ગો, એરપોર્ટ હોય કે ઉદ્યોગો સ્થાપવાની વાત હોય, દરેક ક્ષેત્રમાં પ્રધાનમંત્રી મોદીજી આસામને પ્રાથમિકતા આપે છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દરેક જગ્યાએ આસામ અને ઉત્તર પૂર્વને પ્રાથમિકતા આપે છે, કારણ કે આ પ્રદેશ તેમના હૃદયમાં વસે છે. શ્રી અમિત શાહે કહ્યું કે વિરોધ પક્ષની સરકારોએ આસામને ગોળીઓ, બોમ્બ બ્લાસ્ટ, સંઘર્ષ અને યુવાનોના મોત આપ્યા. તેમણે કહ્યું કે જ્યારથી મોદીજી પ્રધાનમંત્રી બન્યા છે ત્યારથી સમગ્ર ઉત્તર પૂર્વમાં ૨૦ થી વધુ કરારો હેઠળ ૧૦,૦૦૦ થી વધુ યુવાનોએ પોતાના હથિયારો નીચે મૂક્યા છે, જેનાથી આસામ અને ઉત્તર પૂર્વ સુરક્ષિત બન્યા છે. શ્રી શાહે કહ્યું કે એક સમય હતો જ્યારે અહીં કર્ફ્યુ, બોમ્બ વિસ્ફોટો અને ગોળીબારનો અવાજ પ્રવર્તતો હતો, પરંતુ આજે ભૂપેન દાનું સંગીત આ પ્રદેશમાંથી સમગ્ર વિશ્વમાં પહોંચે છે. તેમણે કહ્યું કે તે મોદી સરકાર જ છે જેણે ભૂપેન હજારિકા અને ભારત માતાના મહાન પુત્ર ગોપીનાથ બોરદોલોઈને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન — ભારત રત્ન એનાયત કર્યું છે. અમે અહીં શાંતિ, સુશાસન, વિકાસ અને સૌને સાથે લઈને ચાલવાની નવી પરંપરા શરૂ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૧ માં, ડિબ્રુગઢની ધરતી પર, વિરોધ પક્ષની સરકારે એક ટૂલકિટ ફેલાવી હતી જે આસામ વિરોધી હતી અને જેનો હેતુ વિશ્વભરમાં આસામની ચાની છબીને ખરાબ કરવાનો હતો. તેમણે કહ્યું કે વિરોધ પક્ષની સરકારોએ આસામમાં આપણા ચાના બગીચાના કામદારોના કલ્યાણ માટે આજ દિન સુધી કંઈ કર્યું નથી. શ્રી શાહે કહ્યું કે આપણી પાર્ટીની સરકારે ૨૦૨૫માં લેન્ડ હોલ્ડિંગ એમેન્ડમેન્ટ એક્ટ પસાર કર્યો, જેનાથી ૮૨૫ ચાના બગીચાઓના ૩ લાખથી વધુ સંથાલ, કોલ, ભીલ, મુંડા અને બંગાળી કામદારોને જમીનના માલિક બનાવ્યા છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજી અને આસામ સરકારે લચિત બોરફુકનની જીવનકથાનો દેશની ૨૩ ભાષાઓમાં અનુવાદ કરાવ્યો છે. શ્રી અમિત શાહે કહ્યું કે વિરોધ પક્ષની સરકારોએ આસામમાં ઘૂસણખોરીની છૂટ આપીને તેને સત્તા મેળવવા માટે વોટ-બેંકની રાજનીતિનું હથિયાર બનાવ્યું હતું. તેમણે કહ્યું કે આસામ સરકારે વસ્તીવિષયક સ્થિતિ બદલવાની પ્રક્રિયા બંધ કરી દીધી છે અને ૧ લાખ ૨૬ હજાર એકર જમીન ઘૂસણખોરોથી મુક્ત કરાવી છે. શ્રી શાહે કહ્યું કે હિમંતા બિસ્વા શર્માજીના નેતૃત્વમાં અમે આસામમાંથી એક-એક ઘૂસણખોરને હાંકી કાઢીશું. તેમણે કહ્યું કે ઘૂસણખોરો આસામ કે દેશને કોઈ પણ રીતે ફાયદો કરી શકતા નથી કારણ કે તેઓ આપણી વસ્તીવિષયક સ્થિતિ બદલી રહ્યા છે અને દેશની સુરક્ષા માટે પણ ખતરો છે. તેમણે કહ્યું કે જો વસ્તીવિષયક ફેરફાર રોકવામાં નહીં આવે, તો આસામને આગામી દિવસોમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે અને માત્ર આપણી સરકાર જ તેને રોકી શકે છે. શ્રી શાહે કહ્યું કે અગાઉ આસામની સરહદો ઘૂસણખોરો માટે ખુલ્લી હતી, પરંતુ પ્રધાનમંત્રી મોદીજી અને આસામ સરકારે મળીને ઘૂસણખોરોને આસામની સરહદોમાં પ્રવેશતા અટકાવ્યા છે. શ્રી શાહે કહ્યું કે વિરોધ પક્ષે, વોટ બેંક ખાતર, શ્રીમંત શંકરદેવજીની પવિત્ર ભૂમિ ઘૂસણખોરોને સોંપી દીધી હતી, જેને આસામની હિમંતા સરકાર હવે ઘૂસણખોર મુક્ત બનાવી રહી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં અમે આસામમાં ખૂબ જ મહત્વપૂર્ણ આર્થિક સુધારા પણ હાંસલ કર્યા છે. તેમણે કહ્યું કે અમે આસામની GSDP ૪.૧ લાખ કરોડથી વધારીને ?૭.૨ લાખ કરોડ કરી છે. તેમણે કહ્યું કે વિરોધ પક્ષના શાસન હેઠળ, આસામ બોમ્બ બ્લાસ્ટ, હિંસા અને યુવાનોના મૃત્યુ માટે જાણીતું હતું, જ્યારે મોદી સરકાર હેઠળ યુવાનોની આવકમાં ૫૦ ટકા સુધીનો વધારો થયો છે. તેમણે કહ્યું કે જો આપણે શાંતિ, વિકાસ, શિક્ષણ, ઉદ્યોગ અને રોજગાર જોઈએ છે, તો માત્ર આપણી સરકાર જ તે આપી શકે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ સમગ્ર દેશના યુવાનોમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ જગાડ્યો છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય હોય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ, ભારતના યુવાનો આજે રમતગમતમાં ખૂબ જ સારું પ્રદર્શન કરી રહ્યા છે. શ્રી શાહે કહ્યું કે જ્યાં સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રમવાની સુવિધાઓ, આધુનિક તાલીમ વ્યવસ્થા, પારદર્શક પસંદગી પ્રક્રિયા અને ખેલાડીઓને સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ ન મળે ત્યાં સુધી યુવાનોમાં માત્ર ઉત્સાહથી કંઈ જ હાંસલ થતું નથી. તેમણે કહ્યું કે આજે ડિબ્રુગઢમાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ વિશ્વ કક્ષાના મલ્ટી-ડિસિપ્લિનરી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન થયું છે. ?૨૩૮ કરોડના ખર્ચે, ૧૦૬ વીઘા જમીન પર ઈન્ડોર સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ, ફૂટબોલ મેદાન, લૉન ટેનિસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, વોલીબોલ કોર્ટ, ખેલાડીઓ માટે હોસ્ટેલ અને કોચ માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ સાથે જ ૨૦૯ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના બીજા તબક્કાનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો છે. ગૃહ મંત્રીએ કહ્યું કે ડિબ્રુગઢમાં આસામ વિધાનસભા સંકુલની સાથે રાજ્યના ધારાસભ્યો માટે આવાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ૨૯૨ કરોડના ખર્ચે ડિબ્રુગઢમાં વાઈલ્ડ લાઈફ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ પણ કરવામાં આવશે. આ સંસ્થામાં રોગ દેખરેખ (disease surveillance), સંશોધન અને નિદાન તેમજ ક્ષમતા નિર્માણ માટેની સુવિધાઓ હશે. તેમણે રાજ્ય સરકારને આ સંસ્થામાં માત્ર પ્રાણીઓ માટે જ નહીં પણ પક્ષીઓ માટે પણ જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી. શ્રી શાહે કહ્યું કે આ સંસ્થામાં વૈજ્ઞાનિક સંશોધન અને આનુવંશિક રોગોના અભ્યાસ માટેની વ્યવસ્થા પણ હશે, જેના કારણે તે વિશ્વની એક મહત્વપૂર્ણ સંસ્થા તરીકે સ્થાપિત થશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ મહાત્મા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે કહ્યું કે બાપુએ તેમના આંદોલનો દ્વારા સમગ્ર દેશને જગાડ્યો અને આપણને સ્વરાજ અપાવ્યું, અને તેઓ પવિત્ર આત્મા મહાત્મા ગાંધીજીને આદરપૂર્વક નમન કરે છે.

- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારત-ઈયુ વેપાર સોદા પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી આસામની ચા પેરિસથી બર્લિન સુધી ઝીરો ટેરિફ (શૂન્ય શુલ્ક) સાથે પહોંચવા સક્ષમ બની છે**
- **અમે હવે એવી સિસ્ટમ બનાવી રહ્યા છીએ જેથી ઘૂસણખોરો હવે ભારતમાં પ્રવેશી શકશે નહીં, અને જેઓ પહેલેથી પ્રવેશી ચૂક્યા છે તેમને છોડવામાં આવશે નહીં; અમે તેમને એક પછી એક ઓળખીશું અને બહાર કાઢીશું**
- **માત્ર આપણી સરકાર જ ઘૂસણખોરો દ્વારા આસામની વસ્તીવિષયક સ્થિતિ બદલવાના અને દેશની સુરક્ષાને જોખમમાં મૂકવાના પ્રયાસોને રોકી શકે છે**
- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દરેક તકે આસામ અને ઉત્તર પૂર્વને પ્રાથમિકતા આપે છે, કારણ કે આ પ્રદેશ તેમના હૃદયમાં વસે છે**
- **વિરોધ પક્ષે, વોટ બેંક ખાતર, શ્રીમંત શંકરદેવની પવિત્ર ભૂમિ ઘૂસણખોરોને સોંપી દીધી હતી, પરંતુ આસામની હિમંતા સરકાર હવે તેને ઘૂસણખોર મુક્ત બનાવી રહી છે**
- **આસામને વધુ સમાવેશી બનાવવાના પ્રયાસોના ભાગરૂપે, ડિબ્રુગઢને રાજ્યની બીજી રાજધાની તરીકે વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે**
- **વિરોધ પક્ષની સરકાર દરમિયાન, ત્યાં કર્ફ્યુ અને વિસ્ફોટોના અવાજો હતા; આજે, આપણી પાર્ટીના શાસન હેઠળના એ જ આસામમાં ભૂપેન દાનું સંગીત ગુંજે છે**
- **આસામમાં હિમંતાજીની સરકારના નેતૃત્વ હેઠળ, ચાના બગીચાઓના ૩ લાખથી વધુ સંથાલ, કોલ, ભીલ, મુંડા અને બંગાળી કામદારોને જમીનના માલિક બનાવવામાં આવ્યા છે**
- **વિરોધ પક્ષના શાસન હેઠળ, આસામ બોમ્બ બ્લાસ્ટ, હિંસા અને યુવાનોના મૃત્યુ માટે જાણીતું હતું, જ્યારે મોદી સરકાર હેઠળ યુવાનોની આવકમાં ૫૦ ટકા સુધીનો વધારો થયો છે**
- **એક સમય હતો જ્યારે અહીં કર્ફ્યુ, બોમ્બ બ્લાસ્ટ અને ગોળીબારના અવાજોથી વાતાવરણ ભરેલું રહેતું હતું; આજે અહીંથી ભૂપેન દાનું સંગીત આખી દુનિયામાં પહોંચે છે**

ભારતીય રેલવેએ ત્રણ સેકશનમાં ૪૭૨ કિમી કાર્યરત કરીને કવચ ૪.૦ સુરક્ષા રોલઆઉટને વેગ આપ્યો

વડોદરા–વિરાર (૩૪૪ કિમી), તુગલકાબાદ જંક્શન કેબિન–પાલવલ (૩૫ કિમી) અને માનપુર–સરમટાંર (૯૩.૩ કિમી) સેક્શન પર કવચ ૪.૦ કાર્યરત

કમલમ્,

ભારતીય રેલવેએ તેના નેટવર્કના ત્રણ સેક્શનમાં ૪૭૨.૩ રૂટ કિલોમીટર પર કવચ વર્ઝન ૪.૦ (ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ) કાર્યરત કર્યું છે, જે રેલ સુરક્ષાને મજબૂત કરવામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. નવા કાર્યરત થયેલા સેક્શનમાં પશ્ચિમ રેલવે પર વડોદરા–વિરાર (૩૪૪ કિમી), ઉત્તર રેલવે પર તુગલકાબાદ જંક્શન કેબિન–પાલવલ (૩૫ કિમી) અને પૂર્વ મધ્ય રેલવે પર માનપુર–સરમટાંર (૯૩.૩ કિમી) નો સમાવેશ થાય છે. આ કમિશનિંગ સાથે, ભારતીય રેલવે હાઈ-ડેન્સિટી રૂટ પર ટ્રેન સુરક્ષા, ઓપરેશનલ સેફ્ટી અને વિશ્વસનીયતા વધારવા માટે સ્વદેશી કવચ સિસ્ટમના ઉપયોગને વેગ આપવાનું ચાલુ રાખે છે. આ કમિશનિંગ એક જ દિવસમાં તેમજ એક મહિનામાં કાર્યરત કરવામાં આવેલા અત્યાર સુધીના સૌથી વધુ રૂટ કિલોમીટર છે, જેમાં 472.3 RKm ને કવચ વર્ઝન ૪.૦ હેઠળ લાવવામાં આવ્યા છે. અગાઉનું સૌથી વધુ કમિશનિંગ પશ્ચિમ મધ્ય રેલવેના કોટા–મથુરા સેક્શન પર 324 RKm હતું. લેટેસ્ટ ઉમેરા સાથે, કવચ વર્ઝન ૪.૦ હવે ભારતીય રેલવેના પાંચ ઝોનમાં કાર્યરત થઈ ગયું છે. આજના સમાવેશ પછી, સમગ્ર ભારતીય રેલવેમાં કુલ ૧,૩૦૬.૩ રૂટ કિલોમીટર પર કવચ વર્ઝન ૪.૦ કાર્યરત કરવામાં આવ્યું છે. આ પહેલા, કવચ વર્ઝન ૪.૦ ને ૮૩૪ રૂટ કિલોમીટર પર કાર્યરત કરવામાં આવ્યું હતું. જેમાં દિલ્હી–મુંબઈ રૂટના પાલવલ–મથુરા–નાગદા સેક્શન (633 RKm) અને દિલ્હી–હાવડા રૂટના હાવડા–બર્ધમાન સેક્શન (105 RKm) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગુજરાતના પ્રથમ બાજવા (વડોદરા)–અમદાવાદ સેક્શન પર ૯૬ રૂટ કિલોમીટર કાર્યરત કરવામાં આવ્યા હતા.

ઉત્તર રેલવે પર કવચ ૪.૦ અમલીકરણની પ્રગતિ

ભારતીય રેલવેએ ચાર લાઇનવાળા દિલ્હી–મુંબઈ રૂટના ૩૫ કિમીના તુગલકાબાદ જંક્શન કેબિન–પાલવલ સેક્શન પર સફળતાપૂર્વક કવચ ૪.૦ કાર્યરત કર્યું છે, જે ૧૫૨ મુખ્ય લાઇન ટ્રેક કિલોમીટરમાં ફેલાયેલું છે. આ કોરિડોરના સંપૂર્ણ પટ્ટામાં કવચ સ્થાપિત કરવામાં આવ્યું છે જેમાં મુખ્ય સ્ટેશન યાર્ડ્સ, ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમવાળી બે મુખ્ય લાઇન અને એબ્સોલ્યુટ બ્લોક સિગ્નલિંગવાળી બે લાઇનનો સમાવેશ થાય છે. આ કમિશનિંગ દિલ્હી ઉપનગરીય અને લાંબા અંતરના રેલ નેટવર્કને આવરી લેતા ભારતીય રેલવેના સૌથી વ્યસ્ત અને હાઈ-ડેન્સિટી કોરિડોર પર એક નોંધપાત્ર સુરક્ષા અપગ્રેડ છે. આ સેક્શન પેસેન્જર, સબર્બન અને માલસામાન ટ્રેનો માટે વધુ ટ્રાફિક ધરાવતો પટ્ટો છે. આ સેક્શન પર કવચનું કમિશનિંગ ઓપરેશનલ સેફ્ટી, વિશ્વસનીયતા અને મુસાફરોના આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો કરે છે.

પૂર્વ મધ્ય રેલવે પર કવચ ૪.૦ અમલીકરણની પ્રગતિ

ભારતીય રેલવેએ DDUGJ–પં. દીન દયાળ ઉપાધ્યાય ડિવિઝનના ૯૩.૩ કિમીના માનપુર–સરમટાંર સેક્શન પર પણ કવચ ૪.૦ સાથે ટ્રેન કામગીરી શરૂ કરી છે. પ્રથમ કવચ-સક્ષમ સેવા, ટ્રેન નંબર ૧૩૩૦૫ સાસારામ ઈન્ટરસિટી એક્સપ્રેસ, આ સેક્શન પર સફળતાપૂર્વક સંચાલિત થઈ હતી, જે ૦૭:૪૨ કલાકે સોનનગરથી રવાના થઈ હતી અને ૦૯:૩૫ કલાકે માનપુર પહોંચી હતી. રનદરમિયાન, સામ-સામે અથડામણ (head-on collision) ટેસ્ટ લેવામાં આવ્યો હતો, જેમાં ટ્રેન આપમેળે અટકી ગઈ હતી, જે સિસ્ટમની અસરકારકતાની પુષ્ટિ કરે છે. પૂર્વ મધ્ય રેલવેના ૪,૨૩૫ રૂટ કિલોમીટર પર કવચ સ્થાપિત કરવામાં આવી રહ્યું છે, જેમાં પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન–માનપુર સેક્શન પર ૪૧૭ રૂટ કિલોમીટર સામેલ છે, જે ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાંથી પસાર થતા દિલ્હી–હાવડા ટ્રંકરૂટનો મહત્વનો ભાગ છે. આ સેક્શન મિશ્ર ટ્રાફિક વહન કરે છે અને હાલમાં ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપ માટે ક્લિયર છે, જેમાં મિશન રફતાર હેઠળ ઝડપ ક્ષમતા વધારીને ૧૬૦ કિમી પ્રતિ કલાક કરવા માટે કામ પ્રગતિમાં છે.

પશ્ચિમ રેલવે પર કવચ ૪.૦ અમલીકરણની પ્રગતિ

દિલ્હી–મુંબઈ રૂટ પર વડોદરા–સુરત–વિરાર સેક્શનનું કામ જાન્યુઆરી ૨૦૨૩માં શરૂ થયું હતું અને ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આ ૩૪૪ કિમીના સેક્શન પર કવચ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સીમાચિહ્ન ટ્રેન નંબર ૨૦૯૦૭, દાદર–ભુજ સયાજીનગરી એક્સપ્રેસ સાથે હાંસલ કરવામાં આવ્યું હતું, જે મુંબઈથી દોડતી પ્રથમ કવચ સજ્જ ટ્રેન બની હતી. વડોદરા–નાગદા સેક્શન પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે, જ્યારે વિરાર–મુંબઈ સેન્ટ્રલ સેક્શન પરનું કામ પણ સારી રીતે ચાલી રહ્યું છે અને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. તે જ સમયે, લોકોમોટિવ્સ (એન્જિન) પર કવચ સ્થાપિત કરવાનું કામ સતત આગળ વધી રહ્યું છે, જેમાં પશ્ચિમ રેલવે પર અત્યાર સુધીમાં ૩૬૪ લોકોમોટિવ્સ કવચથી સજ્જ છે. આ ઉપરાંત, પશ્ચિમ રેલવેના અન્ય કેટલાક સેક્શન પર કામ મંજૂર કરવામાં આવ્યું છે, જે કુલ ૨,૬૬૭ રૂટ કિલોમીટરને આવરી લે છે અને તમામ મંજૂર સેક્શન પર અમલીકરણ ચાલુ છે.

કવચ વર્ઝન ૪.૦, ભારતની સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમનું લેટેસ્ટ અને સૌથી અદ્યતન સંસ્કરણ છે, જે ઓપરેશનલ ફીડબેક અને સ્વતંત્ર સુરક્ષા મૂલ્યાંકનના આધારે સતત ટેક્નોલોજીકલ અપગ્રેડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન (RDSO) દ્વારા મંજૂર કરાયેલ, કવચ ૪.૦ રેલવે સુરક્ષામાં એક મોટી પ્રગતિ દર્શાવે છે. તે ખાસ કરીને ભારતના વૈવિધ્યસભર, હાઈ-ડેન્સિટી અને મલ્ટી-લાઈન રેલ નેટવર્કની ઓપરેશનલ માંગને પહોંચી વળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે ઉન્નત વિશ્વસનીયતા, ઝડપી પ્રતિસાદ અને હાલની સિગ્નલિંગ અને ઈન્ટરલોકિંગ સિસ્ટમ્સ સાથે સીમલેસ એકીકરણ પ્રદાન કરે છે. વૈશ્વિક સુરક્ષા ધોરણોને પૂર્ણ કરવા માટે ઈન્ડિપેન્ડન્ટ સેફ્ટી એસેસર (ISA) દ્વારા પ્રમાણિત, કવચ ૪.૦ ભારતીય રેલવેમાં મોટા પાયે તૈનાત કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. કવચ સુરક્ષિત ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે માઈક્રોપ્રોસેસર્સ, ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) અને રેડિયો કમ્યુનિકેશન ટેકનોલોજીને એકીકૃત કરે છે.

જ્યારે નિર્ધારિત અંતરની અંદર તે જ ટ્રેક પર બીજી ટ્રેન મળી આવે છે, ત્યારે સિસ્ટમ લોકોમોટિવ પાયલટને એલર્ટ કરે છે અને જો જરૂરી હોય તો, ઓનબોર્ડ સાધનો દ્વારા આપમેળે બ્રેક્સ લગાવે છે. કવચ સિગ્નલ પાસિંગ એટ ડેન્જર (SPAD) સામે સ્વચાલિત સુરક્ષા પૂરી પાડે છે અને સાઈડ, હેડ-ઓન (સામ-સામે) અને રીઅર-એન્ડ (પાછળથી થતી) અથડામણને અસરકારક રીતે અટકાવે છે. તે સતત ઓવરસ્પીડિંગ પર નજર રાખે છે અને નિયંત્રિત કરે છે, ઓછી વિઝિબિલિટી અને પ્રતિકૂળ હવામાનમાં પણ સુરક્ષિત કામગીરી સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત, સિસ્ટમ ખોટી દિશામાં અને રિવર્સ હિલચાલ દરમિયાન ચેતવણીઓ જનરેટ કરે છે અને લેવલ ક્રોસિંગ ગેટ્સ (રેલવે ફાટક) પર સ્વચાલિત માહિતી પૂરી પાડે છે. કવચ SIL-4 સુરક્ષા ધોરણોનું પાલન કરે છે, જે વૈશ્વિક સ્તરે સુરક્ષા અખંડિતતાનું સર્વોચ્ચ સ્તર છે. સ્વદેશી રીતે ડિઝાઈન કરાયેલ અને ખર્ચ-અસરકારક સિસ્ટમ હોવાને કારણે, તે આયાતી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટાડે છે અને ભારતીય સિગ્નલિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. ભારતીય રેલવે ઉત્તરોત્તર કવચ કવરેજને વિસ્તૃત કરી રહી છે, જે લાખો મુસાફરો માટે સુરક્ષિત અને વિશ્વસનીય ટ્રેન કામગીરી અને સુરક્ષિત રેલ મુસાફરી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ કમિશનિંગ સુરક્ષિત, સ્માર્ટ અને આત્મનિર્ભર ભારતીય રેલવે તરફની પ્રતિબદ્ધતાનું બીજું એક પગલું છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ અધિકારીઓએ એડ્વાન્સ્ડ કોસ્ટલ અને મેરીટાઈમ સિક્યુરિટી તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યો

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) ખાતે ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ અને મેરીટાઈમ સિક્યુરિટી સ્ટડીઝ (SICMSS) સ્કૂલ દ્વારા ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ અને મેરીટાઈમ સિક્યુરિટી અને ઓશન અવેરનેસ પર ત્રણ અઠવાડિયાનો તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)ના દસ વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. કોસ્ટ ગાર્ડ રિજન (ઉત્તરપશ્ચિમ)ના કમાન્ડર, ટીએમ, ઈન્સ્પેક્ટર જનરલ ટી. શશી કુમાર અને આરઆરયુના વાઈસ ચાન્સેલર અને સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય કાયદા પંચના સભ્ય પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલ, ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા. ઈઈ અને ભારતીય કોસ્ટ ગાર્ડ વચ્ચે વધતા સહયોગ પર બોલતા, પ્રો. પટેલે જણાવ્યું હતું કે આવી સંયુક્ત પહેલનો ઉદ્દેશ્ય કોસ્ટ ગાર્ડ અધિકારીઓને વ્યૂહાત્મક ક્ષેત્ર તરીકે સમુદ્રની બદલાતી ગતિશીલતા, વિકસતા આંતરરાષ્ટ્રીય કાનૂની અને નિયમનકારી માળખા અને બદલાતા ભૂ-રાજકીય સંબંધોની વધુ સારી સમજ આપીને તેમની કાર્યકારી તૈયારીઓને મજબૂત બનાવવાનો છે. તેમણે કુ વગરની દરિયાઈ પ્રણાલીઓ, વધતા સમુદ્રના સ્તર, ગેરકાયદેસર, બિન-રિપોર્ટેડ અને અનિયંત્રિત માછીમારી અને દરિયાઈ આતંકવાદ જેવા ઉભરતા પડકારો પર પ્રકાશ પાડ્યો અને જાણકાર કાનૂની અને કાર્યકારી તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે આ સહયોગી પ્રયાસો વિકસિત ભારતના ધ્યેયને અનુરૂપ, ભારતની દરિયાકાંઠાની અને દરિયાઈ સુરક્ષાને મજબૂત અને અભેદ્ય બનાવવાના સહિયારા દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. સભાને સંબોધતા ઈન્સ્પેક્ટર જનરલ શશિ કુમારે ૨૦૨૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ અને RRU વચ્ચે હસ્તાક્ષર કરાયેલા સમજૂતી કરાર (MoU)ના મહત્વને યાદ કર્યું. તેમણે કહ્યું કે અગાઉના અભ્યાસક્રમમાં ભાગ લેનારા અધિકારીઓ તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદથી આ ભાગીદારી વધુ મજબૂત બની છે અને અનુકૂળ અને માહિતીપ્રદ શિક્ષણ વાતાવરણ પૂરું પાડવા બદલ ઈઈનો આભાર માન્યો. પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્મિત પ્રદૂષણ નિયંત્રણ જહાજ અને ICG કાફલામાં સૌથી મોટા જહાજોમાંના એક, સમુદ્ર પ્રતાપના કમિશનિંગનો ઉલ્લેખ કરતા, તેમણે તાલીમાર્થી અધિકારીઓને એક દળ તરીકે ICGની બદલાતી ભૂમિકાને અનુરૂપ ભવિષ્ય માટે તૈયાર રહેવા માટે સતત પોતાને સુધારવા માટેનો આગ્રહ કર્યો. સમાપન સત્રમાં સફળ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા, તેમાં RRU પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. કલ્પેશ વાંદ્રા અને DIG પ્રશાંત શર્મા, TM (ICG), ચીફ ઓફ સ્ટાફ, RHQ (NW) ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓને અભિનંદન આપતા, પ્રો. વાન્દ્રાએ કહ્યું કે પાસ થયેલા બધા અધિકારીઓ હવે RRU ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના નેટવર્કનો ભાગ બની ગયા છે અને સમજાવ્યું કે ભવિષ્યમાં આ સંસ્થાકીય સંબંધ કેવી રીતે ચાલુ રહેશે. DIG શર્માએ અધિકારીઓની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી અને કાર્યક્રમનું આયોજન કરવા બદલ RRUની પ્રશંસા કરી. તેમણે ભારતીય કોસ્ટ ગાર્ડના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ અને RRU ખાતે લાઈફ ટાઈમ પ્રોફેસર ડૉ. પ્રભાકરન પાલેરીનો જ્ઞાનના દીવાદાંડી બનવા બદલ અને ADG અનિલ કુમાર હરબોલા (નિવૃત્ત), ડિરેક્ટર (પ્રોજેક્ટ્સ), RRU નો ICGની જરૂરિયાતોને અનુરૂપ વ્યાપક ક્ષમતા-નિર્માણ અભ્યાસક્રમ ડિઝાઈન કરવા બદલ આભાર માન્યો. તેમના વિદાય ભાષણમાં SICMSS ના ડિરેક્ટર (સ્વતંત્ર હવાલો) શ્રી અંકુર શર્માએ ઉદ્ઘાટન અને સમાપન સત્રોમાં હાજર રહેલા તમામ મહાનુભાવોનો આભાર માન્યો. તેમણે ત્રણ અઠવાડિયાના તાલીમ કાર્યક્રમની શૈક્ષણિક કઠોરતા પર પ્રકાશ પાડ્યો, જેમાં વર્ગખંડમાં સૂચના ઉપરાંત, વ્યવહારિક ક્ષેત્ર તાલીમ, મૂટ કોર્ટ એક્સરસાઈઝ, સમુદ્ર નેવિગેશન સિમ્યુલેટર અને રાષ્ટ્રનું રક્ષણ કરનારા બધા લોકો માટે એક મંદિર -સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતનો સમાવેશ થતો હતો. તેમણે RRUની સંરક્ષણ શાળાઓ, સાયબર સુરક્ષા અને વર્તણૂકીય વિજ્ઞાનના નિષ્ણાતો સહિત વિવિધ નિષ્ણાતોના મૂલ્યવાન યોગદાનનો પણ સ્વીકાર કર્યો, જેમના સામૂહિક પ્રયાસોએ કાર્યક્રમને સફળ બનાવ્યો. જુનિયર રિસર્ચ ઓફિસર શ્રીમતી જાગૃતિ સારસ્વતે આભાર માન્યો, RRU અને ભારતીય કોસ્ટ ગાર્ડના નેતૃત્વનો તેમના સતત સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે SICMSS ના સહાયક પ્રોફેસર શ્રીમતી તનિષા રંજન અને અન્ય લોકોના નેતૃત્વ હેઠળના આયોજન ટીમના પ્રયાસોનો પણ સ્વીકાર કર્યો, જેમણે કાર્યક્રમને બૌદ્ધિક રીતે ઉત્તેજક અને સફળ બનાવ્યો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028